
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૧૦ * જૂન, ૨૦૨૧

**શ્રી સીમંધર**
**જિનેન્દ્ર ધર્મસભા**
**વિ.સં. ૧૯૯૮**
**(ઈ.સ. ૧૯૪૨)માં પ્રતિષ્ઠિત**



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે લૌકિક સુખ છે તે સર્વ ઇંદ્રિયવિષયક માનવામાં આવ્યા છે તેથી તે સુખો માત્ર સુખાભાસ જ નહિ પરંતુ નિઃસંદેહ દુઃખરૂપ પણ છે. ૧૮૭૦.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૨૩૮)

● જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણ કે તેના (જ્ઞાનના) અભાવમાં પોતે જ અજ્ઞાનરૂપ થયેલા અજ્ઞાનીઓને અંતરંગમાં વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો સદ્‌ભાવ (હયાતી) હોવા છતાં મોક્ષનો અભાવ છે. અજ્ઞાન જ બંધનો હેતુ છે; કારણ કે તેના અભાવમાં પોતે જ જ્ઞાનરૂપ થયેલા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો અસદ્‌ભાવ હોવા છતાં મોક્ષનો સદ્‌ભાવ છે. ૧૮૭૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૫૩)

● મમતારહિત હોના પરમ તત્ત્વ હૈ, મમતારહિત હોના પરમસુખ હૈ. મમતારહિત ભાવ મોક્ષકા શ્રેષ્ઠ બીજ હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ. ૧૮૭૨.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૩૪)

● તે આનંદ (—આત્મામાં ઉત્પન્ન થયેલો આનંદ) પ્રચુર કર્મરૂપી ઈન્ધનને નિરંતર જલાવી દે છે અને તે (આનંદમગ્ન) યોગી બહારના દુઃખોમાં અચેતન રહેવાથી (બહારનાં દુઃખોનું લક્ષ ન હોવાથી) ખેદ પામતો નથી. ૧૮૭૩.

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૪૮)

● આ લોકમાં જે પદાર્થ રાગી પુરુષોને કર્મોના બંધનું કારણ થાય છે એ જ પદાર્થ વીતરાગી પુરુષોને કર્મબંધથી છોડાવી મુક્તિનું કારણ થાય છે, જેમ દહીં, ગોળ તથા ઘી સન્નિપાતથી વ્યાકુળ રોગીને મરણનું કારણ થાય છે તે જ નિરોગી પુરુષોને ઘણી જ પુષ્ટિનું કારણ થાય છે. ૧૮૭૪.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૬)

● જે પ્રમાદીઓ, શુદ્ધ ચિદ્રૂપના ચિંતનને તજીને અન્ય કાર્ય કરે છે, તેઓ અમૃતને મૂકીને વિષને પીવે છે. ૧૮૭૫.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૪, ગાથા-૧૮)

● જો જીવ મૃત્યુ નામ કલ્પવૃક્ષકૂં પ્રાપ્ત હોતેં હૂં આપના કલ્યાણ નાહીં સિદ્ધ કિયા સો જીવ સંસારરૂપ કર્દમમેં ડૂબા હુઆ પીછે કહાઁ કરસી ? ૧૮૭૬.

(મૃત્યુ મહોત્સવ, શ્લોક-૭)

વર્ષ–૧૫
અંક–૧૦




વિ. સંવત
૨૦૭૭
June
A.D. 2021



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**(સમયસાર ગાથા ૧૦૯-૧૧૨ ઉપરના પ્રવચનમાંથી)**

**હે જ્ઞાનના ઈચ્છક શ્રોતા ! સાંભળ !**
**શુદ્ધ જીવ તો મિથ્યાત્વાદિનો અકર્તા છે.**

આચાર્ય મહારાજ કહે છે કે હે જ્ઞાનના ઈચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્ગલદ્રવ્ય જ છે. જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગી કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે. તેઓ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું ? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય ચૈતન્યમૂર્તિ છે. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શ્રોતા શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જ જવાના છે. તેથી એ મિથ્યાત્વાદિ ભાવકર્મને થોડો કાળ પુદ્ગલદ્રવ્ય કરે તો ભલે કરે ! તેમાં જીવને શું આવ્યું ?—એમ કહીને અહીં તો શુદ્ધ જીવને નિરાળો સિદ્ધ કરવો છે.

**અપને મેં હી સ્થિર રહતા હૈ, ઔર સર્વગત કહલાતા,**
**સર્વ-સંગ-ત્યાગી હોકર ભી, સબ વ્યાપારોંકા જ્ઞાતા;**

– શ્રી વિષાપહાર સ્તોત્ર

પુદ્‌ગલકર્મનો કર્તા કોણ છે તે હવે કહે છે :—

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
—મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.

વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
—મિથ્યાત્વથી આદિ કરી કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.

પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.

ખરેખર પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે તેના ચાર ભેદ છે : મિથ્યાત્વ, અવિરતિ, કષાય ને યોગ. તેના ભેદ કરતાં તેર ગુણસ્થાનો તેના જ ભેદ છે. મિથ્યાદષ્ટિથી માંડીને સયોગી કેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો પુદ્‌ગલકર્મના કારણે પડ્યા છે એમ કહીને શુદ્ધ જીવ દ્રવ્ય છે તે સિદ્ધ કરવો છે. તેથી જીવની અશુદ્ધ પર્યાયોને પુદ્‌ગલમાં નાખી દીધી છે. એ તેરે ગુણસ્થાનો અચેતન છે. મિથ્યાત્વ છે એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે, તારો આત્મા છે એ તો શુદ્ધ જ છે. મિથ્યાત્વ આદિ તેર ભેદો કર્મના વિપાકના ભેદ છે. સયોગી કેવળીનું ગુણસ્થાન છે તે અત્યંત અચેતન છે. મિથ્યાત્વથી માંડીને તેરે ગુણસ્થાનના અત્યંત અચેતનભાવો વ્યાપ્ય-વ્યાપકપણે નવાકર્મને બાંધે તો ભલે બાંધે—એમ કહીને એકદમ તદ્દન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય લેવું છે. ચેતન સ્વભાવ અચેતન એવા તેર ગુણસ્થાનને ન કરે તો નવા કર્મને તો કેમ કરે ? ત્યારે કોણ કરે ?— કે અચેતન એવા જે તેર ગુણસ્થાનો નવા કર્મને બાંધે તો ભલે બાંધે, દ્રવ્ય છે એ તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે, એ તો ગુણસ્થાનમાં આવતો નથી તો એ નવા કર્મને કેમ કરે ?

જેને સ્વરૂપનું લક્ષ કરવું છે તેને ભલે મિથ્યાત્વભાવ હો પણ સ્વરૂપનું લક્ષ કરે છે તેમાં મિથ્યાત્વ પણ ટળી જાય છે ને કર્મ પણ ટળી જાય છે. પૂરણ વસ્તુમાં લક્ષ કરવાનું જ છે તેને આ તેર ગુણસ્થાનો નવા કર્મને થોડો કાળ કરે તો કરો, તેમાં જીવને શું આવ્યું ? તેને તો ચૈતન્ય શુદ્ધ દ્રવ્યના લક્ષે મિથ્યાત્વાદિ ટળી જવાના છે. તેથી થોડો કાળ મિથ્યાત્વાદિ નવા કર્મને કરે તો કરો, તેમાં જીવને શું આવ્યું ?

**કાલ–માનસે વૃદ્ધ બહુત હૈ, ફિર ભી અજર અમર સ્વયમેવ,**
**વિપદાઓંસે સદા બચાવે, વહ પુરાણ પુરુષોત્તમ દેવ. ૧.**

શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કહ્યું કે હે જ્ઞાનના ઇચ્છક જીવ! સાંભળ! મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો અચેતન છે, એ પુદ્‌ગલકર્મને કરો તો કરો, જીવને શું આવ્યું? દ્રવ્યસ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો કંદ છે અને તે ગુણસ્થાન પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ હોવાથી અચેતન છે—એમ કહીને શુદ્ધ દ્રવ્યનું લક્ષ કરાવ્યું છે. જ્ઞાયક સહજ સ્વભાવભાવ એ તેર ગુણસ્થાનને શું કરે? ને નવા કર્મને શું કરે? હે જ્ઞાનના ઇચ્છક! સાંભળ, સાંભળ, સાંભળ! તેર ગુણસ્થાન છે એ પુદ્‌ગલકર્મના વિપાકનું ફળ છે માટે અચેતન છે, તે થોડો કાળ નવા અચેતન કર્મને કરે તો કરે, તેમાં જીવને શું છે? આત્માને શું છે? આત્માને શું સંબંધ છે? ભગવાન તો ચિદાનંદઘન છે તેમાં ક્યાંય ઓછપ કે ઊણપ નથી. આહાહા! અહીં તો સ્વભાવની સ્થિતિ સિદ્ધ કરવી છે કે ભગવાન તારો ચેતનસ્વભાવ છે ને તેર ગુણસ્થાનો અચેતનસ્વભાવ છે. અનાદિ અનંત જે દ્રવ્યસ્વભાવ છે તેને ગુણસ્થાન અડતા નથી.

શિષ્યે પૂછ્યું કે પુદ્‌ગલકર્મને જીવ કરે નહીં ત્યારે કર્તા કોણ છે? તેને આચાર્યદેવે કહ્યું કે તારે સમજવું હોય તો હે જ્ઞાનના ઇચ્છક! સાંભળ! મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાનો પુદ્‌ગલકર્મનો પાક છે, એ આત્મા નથી. તેથી પુદ્‌ગલકર્મનો એ પાક તેર ગુણસ્થાન નવા કર્મને કરે તો કરો, તેમાં આત્માને શું છે? મિથ્યાત્વાદિ તેર ગુણસ્થાન અચેતન છે ને ભગવાન આત્મા શાશ્વત ચેતન વસ્તુ છે. એ ચેતનસ્વભાવ પુદ્‌ગલકર્મને કેમ કરે?—એમ કહીને કહે છે કે ભાઈ! તું સાંભળ, તને તારા ચેતનસ્વભાવનો વિશ્વાસ નથી, તેનો તું વિશ્વાસ કર.

ત્યારે શિષ્ય પૂછે છે કે જીવ પોતે જ મિથ્યાત્વાદિને વેદતો થકો જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે ને? તેને આચાર્ય મહારાજ કહે છે કે ભાઈ! સાંભળ, તારો આ તર્ક અવિવેક છે. કેમકે મિથ્યાત્વાદિને આત્મા વેદતો જ નથી. કારણ કે ભાવકભાવ્યભાવના અભાવને લીધે આત્મા મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી.

જેનો આત્મામાં અભાવ છે એવા મિથ્યાત્વાદિને ભગવાન આત્મા કેમ ભોગવે? કેમકે મિથ્યાત્વાદિ કર્મ—ભાવકનું ભાવ્ય છે, આત્માનું ભાવ્ય નથી. પ્રભુ તો શાશ્વત ચેતન હીરલો છે તે રાગાદિને કેમ વેદે? અહાહા! દ્રવ્યને નિરાળો સિદ્ધ કરે છે. કર્મ ભાવક ને મિથ્યાત્વાદિ તેનું ભાવ્ય એવા ભાવકભાવ્યનો જીવમાં અભાવ છે માટે તેને જીવ કેમ ભોગવે? (ક્રમશઃ) ❋

**જિસને પર-કલ્પનાતીત, યુગ-ભાર અકેલે હી ઝેલા,**
**જિસકે સુગુન–ગાન મુનિજન ભી, કર નહિં સકે એક વેલા;**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૯, મંગળવાર) વ્યાખ્યાન નં. ૨૬ (ગાથા ૩૯)

પ્રશ્ન :— માત્ર 'આત્મા શુદ્ધ છે' એમ સમજી જવાથી શું મોક્ષ થઈ જતો હશે? કાંઈક શરીરની ક્રિયા કરવી જોઈએ ને? મહાવીરપ્રભુએ પણ મુનિદશામાં બાર-બાર વરસ સુધી કષ્ટ સહન કર્યા અને ઉપવાસ વગેરે ક્રિયાઓ કરી, ત્યારે તેને મુક્તિ પ્રાપ્ત થઈ ને?

ઉત્તર :—ભાઈ, તારી વાત અક્ષરે અક્ષર ખોટી છે, આત્મા કોને કહેવો તેનું પણ જેને ભાન નથી તો પછી ભગવાન આત્માએ શું કર્યું તેની તને ક્યાંથી ખબર પડે? તને આત્માની ક્રિયા દેખાતી નથી, માત્ર જડની ક્રિયા દેખાય છે. શું ભગવાન દુઃખ સહન કરી—કરીને મુક્તિ પામ્યા?—કે આત્માના આનંદનો અનુભવ કરતાં કરતાં મુક્તિ પામ્યા? ઉપવાસ આત્મામાં થતો હશે કે શરીરમાં? ઉપવાસ કરવો તે સુખરૂપ હોય કે દુઃખરૂપ હોય? ભગવાને દુઃખ લાગે તેવા ઉપવાસ નહોતા કર્યા, પણ અંતરના ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારીને આત્મિક આનંદરસના સ્વાદના અનુભવમાં એવા લીન થતા કે આહારનો વિકલ્પ ઉઠતો નહિ અને તેથી બહારમાં આહારાદિ પણ સહેજે ન હતા. એવી અંતર્ ક્રિયા અને એવા ઉપવાસ ભગવાને કર્યા હતા. અજ્ઞાનીઓએ અંતરમાં આત્માની ક્રિયાને ન ઓળખી અને બહારમાં આહારનો સંયોગ ન થયો તે વાતને વળગી પડ્યા, ને તેમાં જ ધર્મ માની લીધો. આહાર તો જડ છે, પરવસ્તુ છે. પરવસ્તુનું ગ્રહણ કે ત્યાગ આત્મા કરી શકતો નથી. અંતરમાં નિરુપાધિ આત્મસ્વભાવ શું છે એના ભાન વિના ચૈતન્યમાં લીનતા થશે ક્યાંથી? શુદ્ધ ચૈતન્યતત્ત્વને જાણીને—માનીને તેના જ અનુભવમાં એકાગ્ર થવું તે ધર્મી જીવોની ક્રિયા છે; એ ક્રિયા કરવાથી મુક્તિ થાય છે. એ સિવાય શરીરની કોઈ ક્રિયાથી કે વિકારભાવરૂપ ક્રિયાથી ધર્મ કે મુક્તિ થતી નથી.

બધા આત્માનો પવિત્ર નિરુપાધિકસ્વભાવ છે; એ સ્વભાવમાં વિકાર ત્રણકાળમાં નથી. વર્તમાન અવસ્થામાં જે વિકાર છે તેને જ પોતાનું સ્વરૂપ માનીને તેના અનુભવમાં અટકી જાય ને તે રહિત જે ત્રિકાળી શુદ્ધસ્વભાવ છે તેને ન માને અને ન અનુભવે તો જીવનું અજ્ઞાન ટળે નહિ. હે જીવ! ત્રિકાળી શુદ્ધસ્વભાવને સમજ્યા વગર તું શ્રદ્ધાને ક્યાં

**ઉસી વૃષભકી વિશદ વિરદ યહ, અલ્પબુદ્ધિ જન રચતા હૈ,**
**જાહાં ન જાતા ભાનુ, વહાં ભી દીપ ઉજેલા કરતા હૈ. ૨.**

એકાગ્ર કરીશ? અને જ્ઞાનને ક્યાં થંભાવીશ? નિર્વિકલ્પ શુદ્ધસ્વભાવ સાથે એકતા અને વિકારથી જુદાપણું—આવી શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ કર્યા પછી વિકાર થાય તેને જીવ પોતાના સ્વરૂપ તરીકે ન અનુભવે; એટલે શુભાશુભ વિકાર વખતેય શુદ્ધસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ જળવાઈ રહે છે. અને સાધક જીવ સદાય એ જ રીતે સ્વભાવમાં એકતારૂપે ને વિકારથી જુદાપણે પરિણમતા થકા શુદ્ધતાની પૂર્ણતા કરીને કેવળજ્ઞાન પ્રગટ કરે છે.

ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપી શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવસ્વભાવસ્થાનો નથી—એમ કહ્યું. હવે કહે છે કે 'પ્રશસ્ત તેમ જ અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી, માન-અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાનો પણ શુદ્ધજીવને નથી.' શુદ્ધ જીવતત્ત્વમાં સર્વ પ્રકારના મોહ-રાગ-દ્વેષ જ નથી; મોહ-રાગ-દ્વેષ વગર માન-અપમાન ક્યાંથી હોય? તેથી જીવમાં માન-અપમાનના હેતુભૂત કર્મોદયસ્થાનો નથી. ક્ષણિક અવસ્થામાં 'મને માન થયું કે મારું અપમાન થયું' એવો જે વિકલ્પ થાય તે જીવના સ્વરૂપમાં નથી. માન પ્રત્યેનો રાગ ને અપમાન પ્રત્યેનો દ્વેષ—એ બંને, આત્માની નિરોગતામાં બહારના સોજા સમાન છે. બહારના માન-અપમાન પૂર્વકર્મઅનુસાર છે; જો જીવ તે તરફ વલણ કરે તો માન-અપમાનની વૃત્તિ થાય છે; અને જો પોતાના સ્વરૂપમાં વળે તો માન-અપમાનની લાગણીઓ થતી નથી, કેમ કે જીવના સ્વરૂપમાં માન-અપમાન નથી.

બહારમાં પર તરફથી માન-અપમાન થાય તે તો કર્મોદયનું કાર્ય છે. જ્ઞાની કોઈ પરથી પોતાનું માન કે અપમાન માનતા નથી. પોતાના પરમાત્મસ્વભાવનું બહુમાન કરીને જે પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થાય તેમાં જ સાચું માન છે અને પોતાના પરમાત્મસ્વભાવનો અનાદર કરીને નિગોદદશા થાય તે જ મોટું અપમાન છે. પરંતુ, પર્યાય અપેક્ષાએ આવા જે માન-અપમાન છે તે ત્રિકાળી જીવતત્ત્વમાં નથી.

આત્મામાં મોહ-રાગ-દ્વેષ નથી. 'પર પદાર્થો મારાં છે, હું પરનું કરી શકું છું' એવો અહંકારભાવ તે મોહ છે; અને 'પરપદાર્થો મારાં નહિ, હું પરથી ભિન્ન છું' એવો રાગરૂપ વિકલ્પ તે પણ મોહ છે; તે આત્મસ્વરૂપમાં નથી. પુણ્યભાવ તે શુભમોહ છે ને પાપભાવ તે અશુભમોહ છે. આત્મા સહજ ચિદાનંદમૂર્તિ છે, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો શુભમોહ કે શરીરાદિ પ્રત્યેનો અશુભમોહ તેના સ્વરૂપમાં નથી.

**શક્ર સરીખે શક્તિવાન ને, તજા ગર્વ ગુણ ગાને કા,**
**કિન્તુ મૈં ન સાહસ છોડૂંગા, વિરદાવલી બનાનેકા;**

સત્યનું સ્થાપન કરવાનો રાગભાવ અને અસત્યને ઉથાપવાનો દ્વેષભાવ—તે પ્રશસ્ત રાગદ્વેષ છે. સ્ત્રી આદિ પ્રત્યેનો રાગભાવ અને રોગ-દુશ્મનાદિ પ્રત્યેનો દ્વેષભાવ–તે અપ્રશસ્ત રાગદ્વેષ છે. એવા પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઈ રાગ-દ્વેષ જીવના સ્વરૂપમાં નથી. નીચલી દશામાં એ રાગ-દ્વેષ થાય તે જુદી વાત છે, પણ તે રાગ-દ્વેષને જ સ્વભાવ માની લેવો અને તેને કર્તવ્ય માનવું તે મિથ્યાત્વ છે. વર્તમાન પર્યાયમાં જે રાગ-દ્વેષ છે તે રાગ-દ્વેષમાં કાંઈ જીવતત્ત્વ નથી. જીવતત્ત્વ તો રાગ-દ્વેષથી જુદું છે. રાગ-દ્વેષ-મોહમાં જીવતત્ત્વને શોધવું તે મિથ્યાત્વ છે. રાગ-દ્વેષભાવોમાં એકતાબુદ્ધિ છોડીને તે જ વખતે અખંડ ચૈતન્યસ્વભાવ છે તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

ખરેખર, રાગ-દ્વેષ-મોહરહિત ચૈતન્યતત્ત્વના ભાન પછી જે રાગ-દ્વેષ થાય છે તેમાં જ પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા બે ભાગ પડે છે. જે રાગ-દ્વેષને જ પોતાનું સ્વરૂપ માની રહ્યો છે તે જીવ તો શુભરાગ વખતે મિથ્યાત્વરૂપ મહાપાપને પણ સેવી રહ્યો છે, તેથી ખરેખર તેના શુભ રાગ-દ્વેષ અપ્રશસ્ત છે. જ્ઞાનીના શુભ રાગ-દ્વેષને પ્રશસ્ત કહ્યાં તેથી એમ ન સમજવું કે તે રાગ-દ્વેષ સારા છે, અગર કરવા જેવા છે. કોઈ રાગ-દ્વેષ સારા છે જ નહિ. પણ જ્ઞાનીને તે શુભરાગ વખતે તેનો નિષેધ વર્તે છે અને વીતરાગભાવ વધતો જાય છે તેથી તેને પ્રશસ્ત કહ્યા છે. તે પ્રશસ્ત રાગદ્વેષ પણ ધર્મનું કારણ નથી, તે કરવા જેવા નથી, તે જીવનો સ્વભાવ નથી.

અહીં શુદ્ધ આત્મસ્વરૂપનું સ્વરૂપ વર્ણવવું છે, તેથી વર્તમાન પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી આત્મસ્વરૂપની દૃષ્ટિથી કહ્યું છે કે રાગ-દ્વેષ-મોહનો આત્મતત્ત્વમાં અભાવ છે. પરંતુ, એકાંતપણે એમ ન સમજવું કે આત્માના પર્યાયમાં પણ રાગાદિ થતા જ નથી. જો આત્માની અવસ્થામાં પણ રાગાદિ થતા જ ન હોય અને તે સર્વથા શુદ્ધ જ હોય તો, 'રાગ-દ્વેષ-મોહ આત્માનું સ્વરૂપ નથી માટે તે હેય છે'—એમ સમજાવવાનું કાંઈ પ્રયોજન રહેતું નથી. જીવની અવસ્થામાં રાગ-દ્વેષ-મોહ થાય છે ને અજ્ઞાની જીવ તે રાગાદિ જેટલું જ પોતાનું અસ્તિત્વ માની રહ્યો છે તેથી આચાર્યદેવ તેને સમજાવે છે કે–હે ભાઈ! તારું સ્વરૂપ સહજ શુદ્ધ ચેતનરૂપ છે, આ રાગાદિ ભાવો તારા નિત્યસ્વરૂપમાં નથી; માટે તું રાગાદિ રહિત તારા નિત્યસ્વરૂપને ઓળખીને તેનો આદર કર, તો તારી અવસ્થામાંથી પણ રાગ-દ્વેષ-મોહ ટળીને મુક્તિ પ્રગટ થાય. (ક્રમશઃ)

**અપને અલ્પજ્ઞાન સે હી મૈં, બહુત વિષય પ્રકટાઊંગા,**
**ઇસ છોટે વાતાયનસે હી, સારા નગર દિખાઊંગા. ૩.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, દ્રવ્યના એકત્વપણાનો નિશ્ચય કરે છે :—

**सव्वाणं दव्वाणं दव्वसरूवेण होदि एयत्तं।**
**णियणियगुणभेएण हि सव्वाणि वि होंति भिण्णाणि ।।२३६।।**

અર્થ :—બધાંય દ્રવ્યોને દ્રવ્યસ્વરૂપથી તો એકત્વપણું છે તથા પોતપોતાના ગુણોના ભેદથી સર્વ દ્રવ્યો ભિન્નભિન્ન છે.

ભાવાર્થ :—દ્રવ્યનું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ સત્ છે. હવે એ સ્વરૂપથી તો સર્વને એકપણું છે તથા ચેતનતા-અચેતનતા આદિ પોતપોતાના ગુણથી ભેદરૂપ છે; માટે ગુણના ભેદથી બધાં દ્રવ્યો ન્યારાં ન્યારાં છે. વળી એક દ્રવ્યને ત્રિકાળવર્તી અનંત પર્યાય છે, તે બધા પર્યાયોમાં દ્રવ્યસ્વરૂપથી તો એકતા જ છે. જેમ, ચેતનના પર્યાય બધા જ ચેતનસ્વરૂપ છે, પ્રત્યેક પર્યાય પોતપોતાના સ્વરૂપથી ભિન્ન પણ છે, ભિન્નકાળવર્તી પણ છે, તેથી ભિન્ન-ભિન્ન પણ કહીએ છીએ; પરંતુ તેમને પ્રદેશભેદ તો ક્યારેય નથી, તેથી એક જ દ્રવ્યના અનેક પર્યાય હોય છે; તેમાં વિરોધ નથી.

અહો! અમૃતના અનુભવની ખુમારીસહિત જંગલમાં વિચરતા થકા શ્રી કાર્તિકેયસ્વામીની આ વાણી છે. જંગલમાં શુભ વિકલ્પ ઊઠ્યો અને આ રચના થઈ ગઈ. આમાં વિભિન્ન શૈલીથી અનેક ન્યાયોથી વસ્તુસ્વરૂપનું અદ્‌ભુત વર્ણન કર્યું છે. દરેક પદાર્થ વસ્તુસ્વરૂપથી તો એક છે. જીવાદિપદાર્થોને વસ્તુ કહેવામાં આવે છે; આ પ્રમાણે તેમાં એકપણું છે તથા પોતપોતાના ગુણ અને પર્યાયોથી ભિન્ન-ભિન્નપણું છે. આત્મા, પોતાના જ્ઞાનાદિ ગુણ-પર્યાયો દ્વારા જડ-પદાર્થોના ગુણ-પર્યાયથી ભિન્ન છે.

દ્રવ્યનું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. દ્રવ્ય, નવી પર્યાયથી ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયથી વ્યય થાય છે અને સદંશરૂપથી ધ્રુવ રહે છે—આવું દ્રવ્ય સત્ છે. શરીર કર્માદિનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય શરીરાદિમાં છે, જીવના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય શરીરાદિથી ભિન્ન છે. સત્‌ની અપેક્ષાએ તો દરેક દ્રવ્ય સત્ છે—આ અપેક્ષાએ તેમાં એકત્વ છે; કોઈ

તુમ સબ-દર્શી દેવ, કિન્તુ, તુમકો ન દેખ સકતા કોઈ,
તુમ સબકે હી જ્ઞાતા, પર તુમકો ન જાન પાતા કોઈ;

સત્ હોય, કોઈ અસત્ હોય—એમ નથી. તોપણ દરેક દ્રવ્ય પોતપોતાના ગુણોથી ભિન્ન-ભિન્ન છે. આત્મા ચેતન છે; શરીર, કર્મ, મકાન, જડ છે; આ પ્રમાણે ગુણભેદથી દરેક પદાર્થ ભિન્ન-ભિન્ન છે.

દરેક દ્રવ્યમાં ત્રિકાળવર્તી અનંત પર્યાયો છે, તેમાં તે દ્રવ્ય, અન્વય રહે છે—આ અપેક્ષાએ પણ દ્રવ્યનું એકપણું છે. ત્રણકાળમાં જેટલા સમય છે, તેટલી જ દરેક દ્રવ્યની પર્યાયો છે, તે દરેક પર્યાયોમાં દ્રવ્યને સ્વરૂપથી તો એકત્વ જ છે.

બાપુ ! લોકમાં અનંત દ્રવ્ય અલગ-અલગ છે. તે દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપથી સત્ છે. દરેક દ્રવ્યમાં પ્રત્યેકક્ષણે નવીન પર્યાય ઉત્પન્ન થાય છે, પૂર્વ પર્યાયનો વ્યય થાય છે અને દ્રવ્ય વસ્તુરૂપથી ધ્રુવ રહે છે. આ પ્રમાણે દરેક દ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્ છે, આ અપેક્ષાથી તેમાં સમાનતા છે પરંતુ તેના વિશેષગુણ-પર્યાયોથી દરેકનું સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે. જીવમાં ચેતનગુણ છે, પુદ્ગલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે; આ પ્રમાણે ગુણો દ્વારા તેમાં અલગપણું છે. જોકે સત્પણું તો બંનેમાં છે પરંતુ તેમાં એક ચેતન અને બીજો જડ—એવો ભેદ છે.

એક દ્રવ્યમાં ત્રણકાળની અનંતી પર્યાયો છે પરંતુ તેમાં દ્રવ્યરૂપથી તો એકતા છે અને પર્યાયથી જુઓ તો અલગ-અલગ અનેકરૂપ જોવામાં આવે છે, તોપણ દ્રવ્યથી તો એકતા જ છે. પહેલા દરેક દ્રવ્યોને સત્પણાની અપેક્ષા એકરૂપ કહ્યું અને પછી એક જ દ્રવ્ય પોતાની અનંત પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકરૂપ કહ્યું. સિદ્ધ પણ સત્ છે અને નિગોદ પણ સત્ છે, જીવ પણ સત્ છે અને અજીવ પણ સત્ છે; આ પ્રમાણે દરેક સત્ છે. તેને જાણવાથી વીતરાગતા આવે છે. બધા સત્ છે અને હું તેનો જાણવાવાળો છું; ક્યાંય પણ ફેરફાર કરવાવાળો હું નથી—આ પ્રકારના નિર્ણયમાં વીતરાગતા છે.

એક દ્રવ્યમાં તેના ત્રણ કાળની જે પર્યાયો છે, તે દરેક તે દ્રવ્યસ્વરૂપ છે. ચેતનદ્રવ્યની ત્રણ કાળની પર્યાયો ચેતનરૂપ છે અને જડની જડરૂપ છે. ચેતનની પર્યાય ક્યારેય જડરૂપ નથી થતી અને જડની પર્યાય કદાપિ ચેતનરૂપ થતી નથી. રાગપર્યાય અથવા વીતરાગપર્યાય, તે ચેતનદ્રવ્યની જ પર્યાયો છે—એમ સમજવાવાળાને જડથી પોતાની ભિન્નતા જાણીને ત્રિકાળ દ્રવ્યસ્વભાવની પ્રતીતિ થાય છે. હું જ પોતે મારી ત્રણ કાળની પર્યાયોમાં એકરૂપ રહેવાવાળો છું, પર્યાયો અલગ-અલગ હોવા છતાં પણ

**'કિતને હો' 'કૈસે હો,' યોં કુછ કહા ન જાતા હે ભગવાન્,**
**ઇસસે નિજ અશક્તિ બતલાના, યહી તુમ્હારા સ્તવન મહાન. ૪.**

દ્રવ્યરૂપથી એકતા છે—એમ જાણવાથી પર્યાયબુદ્ધિથી છૂટીને દ્રવ્યબુદ્ધિ થાય છે—આ જ ધર્મ છે.

જુઓ, ઉત્પાદ-વ્યયની અપેક્ષાએ પર્યાયમાં અનેકતા છે અને ધ્રુવની અપેક્ષાએ એકતા છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સત્‌ના જ અંશ છે. કોઈનો ઉત્પાદ-વ્યય કોઈ અન્યના કારણે નથી. એક અચેતન પરમાણુની ત્રણ કાળની જેટલી પર્યાયો છે, તે બધી અચેતનરૂપ વર્તે છે; તેની વિવિધ પર્યાયોં તેના પોતાના કારણે થાય છે; ધ્રુવરૂપથી તેનો સ્વભાવ એકરૂપ છે અને ઉત્પાદ-વ્યયથી તેનો જ અનેકરૂપ થવાનો સ્વભાવ છે.

કર્મ પણ અચેતનની પર્યાય છે, તે ક્યારેય જીવરૂપ થતી નથી. કોઈ જીવ, કાનથી બહેરો હોય તો સાંભળી શકતો નથી, પરંતુ ત્યાં જીવના જ્ઞાનની તે પ્રકારની જ યોગ્યતા છે; કાન તો અચેતનની પર્યાય છે અને જ્ઞાન તો જીવની પર્યાય છે. ત્રણકાળની પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકત્વ છે અને પર્યાય અપેક્ષાએ ભિન્નભિન્નપણું પણ છે અને એક દ્રવ્યની ત્રણકાળની પર્યાયોમાં પણ દરેક સમયની પર્યાય પોતપોતાના કાળે સત્ છે. પ્રથમ પર્યાયથી બીજી પર્યાય અલગ છે માટે પહેલી પર્યાયમાંથી બીજી પર્યાયમાંથી આવતી નથી. પર્યાય તે કાળનું સત્ છે તે ક્યાંથી આવી ?—એમ કહેવું હોય તો ધ્રુવદ્રવ્યમાંથી આવી છે, એમ કહેવામાં આવે છે. હકીકતમાં તો પૂર્વ પર્યાયનો તો વ્યય થઈ જાય છે, ત્રણ કાળની પર્યાયો ધારાવાહીરૂપથી સત્ છે. પ્રથમ પર્યાયમાં અજ્ઞાન થાય છે અને બીજી પર્યાયમાં સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. જુઓ, દરેક પર્યાય પોત-પોતાના સ્વરૂપથી સત્ છે અને પૂર્વ-ઉત્તરની પર્યાયોથી તે અસત્ છે.

આહાહા ! જ્ઞાન શું કરે ? સત્‌ને જેમ છે તેમ જાણે ! પરંતુ તેમાં કોઈ પ્રકારનો બદલાવ ન કરે. પર્યાય સત્ છે, તે સત્‌ને કોણ બદલે ? અનંત પર્યાયોમાં દ્રવ્ય અપેક્ષાએ એકત્વ થવા છતાં ત્રણ કાળની પર્યાયો ભિન્ન-ભિન્ન છે—એમ જ લોકના પદાર્થોનો સ્વભાવ છે. તેમાં 'આમ કેમ'—આ પ્રશ્ન જ રહેતો નથી. જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે અને પદાર્થ પ્રમેય સ્વભાવવાળો છે. તે પ્રમેય-જ્ઞેયરૂપ રહે છે અને જ્ઞાન તેને જાણે છે. પરંતુ પદાર્થોને બદલી દે—એવો જ્ઞાનનો સ્વભાવ નથી. જેમ, આંખ અગ્નિ અને બરફને જાણે તો છે પરંતુ તે રૂપે થતી નથી અથવા તો તેને બદલી શકતી નથી; આ જ પ્રમાણે જ્ઞાનનો સ્વભાવ દરેકને જાણવાનો છે, કોઈ દ્રવ્ય, ગુણ અથવા પર્યાયને બદલવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. (ક્રમશઃ) ❊

**બાલક સમ અપને દોષોંસે, જો જન પીડિત રહતે હૈં,**
**ઉન સબકો હે નાથ, આપ, ભવતાપ રહિત નિત કરતે હૈં;**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૩, ગાથા ૧૬-૧૭)

## કોઈપણ પ્રયોજનાર્થે પૈસા રળવામાં કાળ ગુમાવવો મૂર્ખાઈ છે

આ બાબતમાં ગુરુ કહે છે : તે ઠીક નથી. સાંભળ! પુણ્યના કારણ માટે ધન કમાવવા-રળવાનો તો પહેલાં નિષેધ કરવામાં આવ્યો છે જ. પણ ભોગ-ઉપભોગ માટે પણ પૈસા કમાવાની જરૂર નથી કેમકે ભોગ-ઉપભોગ પણ દુઃખરૂપ જ છે. તે વાત શ્લોક દ્વારા સમજાવે છે.

आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान् ।
अंते सुंदुरस्त्यजान् कामान् कामं कः सेवते सुधीः ।।१७।।

ભોગાર્જન દુઃખદ મહા, પામ્યે તૃષ્ણા અમાપ,
ત્યાગ-સમય અતિ કષ્ટ જ્યાં, કો સેવે ધીમાન્ ? ૧૭.

જે ચીજને તું ભોગવવા માગે છે અને જેને વારંવાર ભોગવે છે તે ચીજ તો શરૂઆતથી જ આતાપ-પાપનું કારણ છે. વળી તેમાં તૃપ્તિ પણ નથી. ભગવાન આત્મામાં શાંતિ છે, તૃપ્તિ છે, કેમકે ભગવાન આત્મા સદા આનંદસ્વરૂપ છે. માટે જે તેની દૃષ્ટિ કરે તેને તૃપ્તિ થાય તેવું છે. બાકી બહાર ભોગ-ઉપભોગમાં તૃપ્તિ નથી. અગ્નિમાં જેમ લાકડા નાખતા જાવ તેમ તે વધે છે, ભભકે છે, ઓલવાતી નથી. તેમ જેટલા ભોગ-ઉપભોગ ભોગવતા જાવ તેમ તેમ આશા તૃષ્ણા ને કષાય વધતો જ જાય છે, પણ સંતોષ થાય નહીં. જુવાનીમાંથી વૃદ્ધાવસ્થા થાય તોપણ તૃપ્તિ ઘટતી નથી. ભોગની તૃષ્ણા કાંટાની પેઠે ચોંટી જ રહે છે. તેમાંથી છૂટવું ભારે આકરું છે. તેને ઓલવવી-ઘટાડવી મહા મુશ્કેલ છે. ગારુડી કાંટા જેવી ભોગ-ઉપભોગની આસક્તિ સેવવા લાયક છે તેમ ક્યો ડાહ્યો માણસ માને ? ભોગ-ઉપભોગ તો પાપ છે, અતૃપ્તિ છે, આતાપ છે, આક્રોશ છે, તેમાં ક્યાંય સુખ છે નહીં. અહા! પુણ્ય માટે તો કમાવવું નહીં, પણ ભોગ-ઉપભોગ માટે પણ કમાવવું નહીં, કેમકે તેમાં દુઃખ છે. કારણ કે શરૂઆતમાં આતાપ છે, મધ્યમાં અતૃપ્તિ છે ને અંતમાં છોડવું મુશ્કેલ છે. અહો! શાંતિ તો આત્મામાં છે અને તેની દૃષ્ટિ કર્યા વિના શાંતિનો કોઈ ઉપાય નથી. કહે છે કે ભોગ-ઉપભોગ માટે કમાણી કરવાના

યોં અપને હિત ઔર અહિતકા, જો ન ધ્યાન ધરનેવાલે,
ઉન સબકો તુમ બાલ-વૈદ્ય હો, સ્વાસ્થ્ય-દાન કરનેવાલે. ૫.

સમયે શરીર, ઇન્દ્રિય ને મનને ક્લેશ થાય છે. ઇન્દ્રિય શુષ્ક થઈ જાય, કાળા-મેશ શરીર થઈ જાય છે ને આમ પૈસા કમાવવા વર્તમાનમાં પણ દુઃખ છે ને પછી ભોગ-ઉપભોગ પણ દુઃખ છે. માટે કહે છે કે ભોગ-ઉપભોગની રુચિ છોડ. કમાવવાની રુચિ છોડ અને આત્માની રુચિ કર. અંતરદૃષ્ટિ કરે તો તને આત્માની પ્રાપ્તિ થશે. તે સિવાય ત્રણકાળમાં શાંતિ થશે નહીં, પૂજ્યપાદસ્વામી જગતના બધાં પડખાં જોઈને વાત કરે છે કે ખેતી કરવામાં કે દુકાને બેસવામાં વિગેરેમાં શિરથી એડી સુધી એટલે કે પગથી માથા સુધી પરસેવો વહાવો પડે છે. આમ તું અનાદિથી ધંધો કરવામાં, પૈસા કમાવવા વિગેરેમાં પાપ જ કરતો આવ્યો છો. ધર્મ તો નહીં પણ પુણ્યના પણ ઠેકાણા નથી. શરૂઆતમાં રળવામાં પાપ ને ભોગવવામાં પણ પાપ છે. આમ બધે દુઃખ દુઃખ ને દુઃખ જ છે. જ્યારે આત્મામાં સુખ ને શાંતિ છે, ત્યાં શ્રદ્ધા, જ્ઞાન ને દૃષ્ટિ કરવા જેવું છે.

## ભોગ-ઉપભોગનું આદિ-મધ્ય-અંતમાં અત્યંત દુઃખમયપણું

શિષ્યનો પ્રશ્ન હતો કે આ બહારના ભોગ છે તે અમને સુખનું સાધન થાય છે. અને લક્ષ્મી ભોગનું સાધન છે, લક્ષ્મીથી ભોગની પ્રાપ્તિ થાય છે, તો પ્રભુ ! લક્ષ્મીને એટલી તો પ્રશંસાયોગ્ય કહો !

અજ્ઞાની પૈસાથી સુખ માને છે તે તેની મિથ્યાદૃષ્ટિ છે. તેથી આવી મિથ્યાદૃષ્ટિ છોડાવવા શાસ્ત્રમાં આવો પ્રશ્ન મૂક્યો છે. પૈસાથી મળેલા ભોગોમાં અજ્ઞાની જીવો સુખ માને છે તે પણ તેની મિથ્યાબુદ્ધિ છે. તે છોડાવવા અહીં ખુલાસો કરેલ છે. પૈસા પરદ્રવ્ય છે એ મને મળે તો ઠીક એ ભાવ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનું પાપ છોડાવવા આ વાત આચાર્યદેવ કહે છે. પૈસા કમાવા એ પાપ, ભોગ ભોગવવા એ પાપ તેનાથી લાભ માનવો એ પણ મિથ્યાત્વ છે—પાપ છે.

અંતર આત્મામાં આનંદ ભર્યો છે. તે આનંદનું સાધન પણ આત્મા છે. એને ઠેકાણે ભોગ ભોગવવામાં આનંદ માનવો અને ભોગનું સાધન લક્ષ્મી છે, માટે તે મેળવવામાં પણ લાભ માનવો તે મોટું મિથ્યાત્વ છે. વળી, ક્ષણે-ક્ષણે આયુષ્ય ઘટતું જાય છે, તેના બદલે પોતાને વધ્યો એમ માની ખુશ થાય છે તે ખરેખર મિથ્યાત્વમાં વધ્યો છે.

આ આત્મદ્રવ્ય સિવાય કોઈ પણ પરદ્રવ્ય—એક રજકણ પણ મને સુખદાયક છે કે દુઃખદાયક છે એવી માન્યતા જ મિથ્યાત્વ છે, પાખંડ છે, પાપ છે. વનવાસી પૂજ્યપાદ

**દેને લેનેકા કામ કુછ, આજ કલ્ય પરસોં કરકે,**
**દિન વ્યતીત કરતા અશક્ત રવિ, વ્યર્થ દિલાસા દે કરકે;**

સ્વામીએ એક એક કડી પ્રયોજનવશ લખી છે. લોકોને આ પૈસાની કે ભોગની વાત આવે ત્યાં એમ થાય કે ધર્મમાં આત્માની વાતને બદલે આ પૈસાની વાત ક્યાં આવી ? પણ ભાઈ ! પૈસા અને ભોગોમાં લાભબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. તેને દૂર કરવાની વાત એ આત્માના હિતની વાત છે. પોતાના પ્રયોજનની વાત છે.

ધનથી મળતા વૈભવો પલંગ, સોફાસેટ, પંખા, મખમલ, લાડવા, મુસંબી એ બધાં પાંચ ઈન્દ્રિયના વિષયો અમને સુખના સાધન છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિને જ્ઞાની કહે છે કે બહારના સાધનમાં તું સુખ માને છે, તે તારી શ્રદ્ધા વિપરીત છે, ખોટી છે. આત્માથી વિરુદ્ધ શ્રદ્ધા છે માટે તું આત્માનો વિરોધી-વેરી છે. આત્મામાં સુખ છે, આનંદ છે. આત્મા સુખ અને આનંદની ખાણ છે. તેની શ્રદ્ધા કર ! ખોટી શ્રદ્ધા છોડી દે. જ્ઞાનીનો આવો ઉપદેશ તે જ ઈષ્ટોપદેશ છે.

૨૪ કલાક તું મથે છે કે હું આમ રળું, આમ કરું, આમ કરું, એ ભાવ તારો મિથ્યા છે. આત્માના શુદ્ધ સાધન તરફ જોતો પણ નથી અને ધનને સુખનું સાધન માને છે તે આત્માથી વિપરીત મિથ્યાભાવ છે. પૈસાના પ્રલોભનથી દીકરા સેવા કરશે એ માન્યતા પણ મિથ્યા છે. સંસારમાં જીવની વિપરીત દૃષ્ટિ કેવી રીતે પોષાય છે તે બતાવનારો આ ઉપદેશ છે. રાગ-દ્વેષથી જીવને દુઃખ છે. પરચીજ જીવને સુખી-દુઃખી કરી શકતી નથી. આનંદસ્વરૂપ આત્મામાં દૃષ્ટિ કરવાથી સુખ મળે છે. પણ બહારમાં સુખ માન્યું છે તે મિથ્યા માન્યતા દૂર કરે ત્યારે અંતરમાં સુખ શોધવા જાય ને !

ઘણા કહે છે કે ભગવાને અમને ઘણું દીધું છે. પણ અરે ! લક્ષ્મી તો ધૂળ છે ! તેને કોણ આપી શકે ? ભગવાન પણ કોઈને કાંઈ ન દઈ શકે. તું કમાઈ પણ ન શકે કેમકે જડની ક્રિયા આત્મા ન કરી શકે. પૂર્વના પુણ્યથી ધન મળે છે તે વાત પણ વ્યવહારથી સાચી છે. ખરેખર તો એ રજકણ તો જડ છે તેનાથી પણ લક્ષ્મી ન મળે. લક્ષ્મી પણ એક જાતના રજકણ છે તે તેના કારણે આવે છે ને તેના કારણે જાય છે. તેમાં ભગવાન કે તારા કમાવવાના રાગભાવ કે પૂર્વના પુણ્ય કોઈ કાંઈ ફેરફાર ન કરી શકે, દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. (ક્રમશઃ) ❊

---

卐 'વર્તમાન ઉદયમાં, જીવ એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે ભાવિના સાદિ અનંતકાળમાં મારું શું થશે ? એ વિચાર પર એવું વજન નથી આવતું.


---

**પર હે અચ્યુત, જિનપતિ, તુમ યોં પલ ભર ભી નહિં ખોતે હો,**
**શરણાગત નત ભક્તજનોકો, ત્વરિત ઇષ્ટ ફલ દેતે હો. ૬.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા - ૪-૫)



# હે જીવ, સાંભળ ! આ તારા દુઃખની કથા
## તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન

एक श्वासमें अठदस बार, जन्म्यो मर्यो, भर्यो दुखभार।
निकसी भूमि जल पावक भयो, पवन प्रत्येक वनस्पति थयो ।।४।।

અનંતકાળે નિગોદમાંથી નીકળી કોઈ જીવો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે પ્રત્યેક વનસ્પતિમાં આવે છે, તો તેમાં પણ સમ્યગ્દર્શન વગર મહા દુઃખ પામે છે. નિગોદમાંથી નીકળનાર જીવ અનુક્રમે પૃથ્વી—પાણી વગેરેમાં જ આવે એવો કોઈ નિયમ નથી, કોઈ જીવ ત્યાંથી નીકળીને સીધો મનુષ્ય પણ થાય. બાદર પૃથ્વીકાયમાં, તેમજ બાદર જલકાય, અગ્નિકાય, વાયુકાય તથા બાદર પ્રત્યેક વનસ્પતિકાય—એ દરેકમાં રહેવાની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરની છે, એમાં તો અસંખ્ય ભવ થઈ જાય. અને આમાં તો પર્યાપ્ત કે અપર્યાપ્ત બને પ્રકારના ભવ આવી જાય; જો એકલા પર્યાપ્તની અપેક્ષાએ કહીએ તો તેમાં દરેકમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ સંખ્યાત હજાર વર્ષ છે. (એક જ પ્રકારના ભવોમાં જન્મ-મરણ કરી કરીને રહેવાની જેટલી કાળમર્યાદા હોય તેને ‘ભવસ્થિતિ’ કહેવાય છે.) વિકલેન્દ્રિયમાં પ્રત્યેક (બે-ત્રણ કે ચાર ઇન્દ્રિયમાં) રહેવાનો ઉત્કૃષ્ટકાળ સંખ્યાત હજાર વર્ષ છે. પંચેન્દ્રિયપણામાં રહેવાનો કાળ હજાર સાગરોપમ (કંઈક અધિક) છે. ત્રસપણામાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ અધિક બે હજાર સાગરોપમ છે. એવું ત્રસપણું પામીને જે જીવો આત્માની દરકાર નહિ કરે તે ત્રસસ્થિતિનો કાળ પૂરો થતાં પાછા સ્થાવરમાં—એકેન્દ્રિયમાં જશે. બે હજાર સાગર તે તો ત્રસનો ઉત્કૃષ્ટકાળ કહ્યો છે, કાંઈ બધા જીવો એટલો કાળ ત્રસમાં નથી રહેતા; ઘણા જીવો તો અલ્પકાળમાં જ ત્રસ પર્યાય પૂરી કરીને પાછા એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે; અને કોઈક વિરલા જીવો આત્માનું ભાન કરીને, ત્રસપર્યાય છેદીને મોક્ષદશાને પણ સાધી લ્યે છે. ત્રસની બે હજાર સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ તો કોઈક જ ભોગવે છે.

**ભક્તિભાવસે સુમુખ આપકે રહનેવાલે સુખ પાતે,**
**ઔર વિમુખ જન દુઃખ પાતે હૈં, રાગદ્વેષ નહિં તુમ લાતે;**

પ્રશ્ન:—'સાગરોપમ' એટલે કેટલો કાળ?

ઉત્તર:—સાગરોપમમાં અસંખ્ય વર્ષો થાય, તેનું માપ આ પ્રમાણે છે—

એક યોજનનો એટલે કે બે હજાર કોસનો ઊંડો ને એટલા જ વ્યાસવાળો મોટો ખાડો હોય, તેમાં નાનકડા ઘેટાંના કૂણા વાળના ઝીણાઝીણા (—જેના કાતરથી બે ટૂકડા ન થઈ શકે એવા) ટૂકડા ઠાંસી ઠાંસીને ભર્યા હોય; દર સો વર્ષે તેમાંથી એક ટૂકડો બહાર કાઢવામાં આવે, એ રીતે આખો ખાડો ખાલી થતાં જેટલો વખત લાગે તેટલા વખતને એક 'વ્યવહાર કલ્પ' કહેવાય છે, અથવા ખાડાની ઉપમા વડે તેનું માપ કર્યું તેથી તેને 'પલ્યોપમ' કહેવાય છે. (ખાડો એટલે પલ્ય, તેની જેને ઉપમા તે પલ્યોપમ.)

એવા અસંખ્યાત વ્યવહારકલ્પનો એક ઉદ્ધારકલ્પ;

અસંખ્યાત ઉદ્ધારકલ્પનો એક અદ્ધાકલ્પ;

એવા દસ કોડાકોડી અદ્ધાકલ્પનો એક સાગરોપમ થાય છે.

(એક કરોડને એક કરોડથી ગુણીએ તેને એક કોડાકોડી કહેવાય.)

પૃથ્વીકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૨૨૦૦૦ વર્ષ; જલકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૭૦૦૦ વર્ષ; અગ્નિકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૩ દિવસરાત; વાયુકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૩ હજાર વર્ષ;

ઉપરના ચારેયમાં બાદરકાયની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ.

પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ ૧૦ હજાર વર્ષ; અને એ દરેકમાં પર્યાપ્તપણે રહેવાનો ઉત્કૃષ્ટકાળ (ભવસ્થિતિ) સંખ્યાત હજાર વર્ષ છે—એટલે તેટલા કાળ સુધી તેમાં જ જન્મે ને મરે.

સાધારણ વનસ્પતિ એટલે કે નિગોદનું આયુ અંતર્મુહૂર્ત જ છે; તેમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ (ઇતરનિગોદનો) અઢી પુદ્ગલપરાવર્તન છે; પરંતુ તેમાં પર્યાપ્તદશાવાળા ભવ ઉપરાઉપરી કરે તો વધુમાં વધુ અંતર્મુહૂર્ત સુધી જ કરે. પર્યાપ્ત ને અપર્યાપ્ત બંને થઈને અઢી પુદ્ગલ-પરાવર્તન જેટલો અનંતકાળ ઉત્કૃષ્ટપણે રહે. કોઈ જીવ ઓછા કાળમાં પણ તેમાંથી બહાર આવે.

અરે, અનંતકાળના પરિભ્રમણમાં રખડતા જીવે ચાર ગતિમાં અવતાર કરી કરીને મહા દુઃખો ભોગવ્યા; એમાં ક્યારેક માંડમાંડ મનુષ્ય થયો, ને ૮૪ ના ચક્કરમાંથી બહાર

**કમલ સુદ્યુતિમય ચારુ આરસી, સદા એકસી રહતી જ્યોં,**
**ઉસમેં સુમુખ વિમુખ દોનોં હી, દેખેં છાયા જ્યોં કી ત્યોં. ૭.**

નીકળવાનો અવસર હાથમાં આવ્યો; અત્યારે બેદરકાર થઈને બીજે કાળ ગુમાવીશ તો હે ભાઈ! તું અવસર ચૂકી જઈશ. એક અંધ મનુષ્યને શિવનગરીમાં પ્રવેશવું હતું; નગરીના ગઢને એક જ દરવાજો હતો. કોઈ દયાળુએ તેને માર્ગ દેખાડ્યો કે આ ગઢની રાંગે હાથ લગાવીને ચાલ્યા જાઓ, ફરતાં ફરતાં દરવાજો આવે એટલે અંદર પેસી જાજો; વચ્ચે ક્યાંય પ્રમાદમાં અટકશો નહિ. એ પ્રમાણે ગઢને હાથ લગાડીને તે અંધમનુષ્ય ફરવા લાગ્યો, પણ વચ્ચેવચ્ચે પ્રમાદી થઈને ઘડીકમાં પાણી પીવા રોકાય, ઘડીકમાં શરીર ખંજવાળવા રોકાય; એમ કરતાં કરતાં જ્યાં દરવાજો આવવાની તૈયારી થઈ કે બરાબર તે જ વખતે ભાઈસાહેબ માથું ખંજવાળતા-ખંજવાળતા આગળ ચાલ્યા ગયા, ને દરવાજો તો પાછળ રહી ગયો. આમ શિવનગરીમાં પ્રવેશવાનો અવસર ચુકીને પાછો ચકરાવામાં પડ્યો. તેમ આ ચોરાસીના ચકરાવામાં માંડ મનુષ્યઅવતાર મળ્યો, મોક્ષનગરીમાં પ્રવેશવાનો અવસર આવ્યો, ને મોક્ષનો દરવાજો દેખાડનારા સંત મળ્યા; તેમણે કરુણા કરીને માર્ગ દેખાડ્યો કે અંદરના ચૈતન્યમય આત્માને સ્પર્શીને ચાલ્યો જા...એટલે મોક્ષનગરીમાં પ્રવેશવાનો 'રત્નત્રયદરવાજો' આવશે. હવે એને બદલે અંધમનુષ્યની જેમ જે અજ્ઞાની જીવ રાગમાં ને દેહની ક્રિયામાં ધર્મ માનીને તેની સંભાળમાં (—દેહબુદ્ધિમાં) રોકાય છે, ને ચૈતન્યને ઓળખવાની દરકાર કરતો નથી તે મોક્ષનગરીમાં પ્રવેશવાનો આ અવસર ચુકી જશે ને પાછો ચોરાસીના ચક્કરમાં પડીને ચારગતિમાં રખડશે. માટે હે જીવ! તે અંધની જેમ તું આ અવસર ચુકીશ મા. દેહની કે માન-મોટાઈની દરકાર મૂકીને આત્માના હિતની સંભાળ કરજે. અનંતવાર ગાજર-મૂળામાં મફતના ભાવે વેચાણો ત્યાં કોનાં માન કરવા? એકેન્દ્રિયના અવતારમાં ગાજર કે મૂળામાં અવતર્યો હોય, ને બજારમાં શાકવાળાને ત્યાં તે ગાજર—મૂળાના ઢગલામાં પડ્યો હોય. શાક લેનારની સાથેનો નાનો છોકરો શાક સાથે ગાજર કે મૂળો મફત માંગે ને શાકવાળો તે આપે; ત્યારે તેમાં વનસ્પતિકાયપણે જીવ બેઠો હોય તે પણ મૂળાની સાથે મફતમાં જાય.—એ રીતે મફતના ભાવે અનંતવાર વેંચાયો. અને અત્યારે મનુષ્ય થઈને તું મફતનો માન—અપમાનમાં જીવન કેમ ગુમાવે છે! ભાઈ, અલ્પકાળનો આ મનુષ્યઅવતાર, તેમાં આત્મહિત માટે શું કરવાનું છે તેની દરકાર કર.

કોઈ જીવ ઉપરા ઉપરી મનુષ્યના જ ભવ કરે તો વધુમાં વધુ આઠ ભવ થાય, પછી નિયમથી મનુષ્ય સિવાયની બીજી ગતિમાં ચાલ્યો જાય. ત્રસપણાની ઉત્કૃષ્ટસ્થિતિ ફક્ત બેહજાર સાગરોપમ છે; તેમાં તો બેઇંદ્રિય વગેરેના અવતાર પણ આવી જાય. પંચેદ્રિયપણું અને તેમાં પણ મનુષ્યપણું તો બહુ દુર્લભ છે, ને તેમાંય સાચો વીતરાગી ધર્મ સમજવાનો અવસર તો કોઈ મહા દુર્લભ છે. આ બધી દુર્લભતાનું વર્ણન કાર્તિકેયસ્વામીએ બોધિદુર્લભ-અનુપ્રેક્ષામાં કર્યું છે. (તે આ અધ્યાયના છેલ્લા ભાગમાં આપીશું.) (ક્રમશઃ) ❊



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૭) અશુચિત્વ–અનુપ્રેક્ષા

અર્થ કામભોગ તેમજ સર્વે મનુષ્યોનો દેહ અશુચિરૂપ–અશુભ છે; સર્વે સુખોની ખાણ એવો એકમાત્ર ધર્મ જ શુભ અથવા શુચિરૂપ છે. (૧૮૨૦)

અર્થ તે અનર્થનું મૂળ છે; કેમકે તે મહા ભયનું કારણ છે, મુક્તિમાર્ગનો લૂટારો છે, અને જીવને સદાય આ લોકસંબંધી તેમ જ પરલોકસંબંધી દોષો લગાડે છે. (૧૮૨૧)

કામ-ભોગની ઉત્પત્તિ મલિન–દુર્ગંધી દેહ-કુટિરમાં થાય છે તે જીવને હલકો પાડવાનું (નિંદનીય થવાનું) કારણ છે, અલ્પકાલિક છે, આ લોક તેમ જ પરલોક બંનેમાં તે દુઃખ દેનાર છે, અને વળી તે સુલભ પણ નથી. (૧૮૨૨)

આ દેહરૂપી દુર્ગંધી ઝુંપડી છે, તે હાડકારૂપી પાંદડાની બનેલી છે, નસો અને આંતરડારૂપ વલ્કલથી બાંધેલી છે; માંસરૂપી માટીથી તે લીપેલી છે, અનેક જાતના દુર્ગંધી પદાર્થોથી ભરેલી છે અને બીભત્સ્ય છે–ઘૃણા કરવા યોગ્ય છે (રે જીવ ! આવી અશુચિ–મેલી કાયામાં મોહ શો ?) (૧૮૨૩)

જેમ કાળા કોલસાને પાણી વગેરે વડે ધોવાથી તે શુદ્ધતા (સફેદતા) પામતો નથી તેમ અશુચિ દેહને જલાદિ વડે ધોવાથી કાંઈ તે શુદ્ધિને પામતો નથી. (૧૮૨૪)


સ્વયં અપવિત્ર એવું શરીર પાણી વગેરે પવિત્રને પણ અપવિત્ર કરે છે; તે જલાદિક પોતે પવિત્ર હોવા છતાં અપવિત્ર શરીરને તે પવિત્ર નથી કરી શકતા, અપિતુ શરીરનો સંબંધ તેને પણ અપવિત્ર કરી નાંખે છે (આ રીતે શરીરનું અત્યંત અપવિત્રપણું બતાવ્યું.) (૧૮૨૫)

–આવું અશુચિમય શરીર, તે શું જલાદિના સંબંધથી પવિત્ર થશે ?–કદી નહીં; મળનો ઘડો પાણી વડે કદી પવિત્ર થતો નથી. (૧૮૨૬)

એકમાત્ર ધર્મ જ પવિત્ર–શુચિરૂપ છે; ધર્મમાં સ્થિત ધર્માત્માને દેવો પણ નમે છે ધર્મના પ્રભાવથી સાધુજનોને એવી જલ્લૌષધ વગેરે ઋદ્ધિ પ્રગટે છે કે તેમના શરીરનો મેલ પણ ઔષધરૂપ બની જાય છે–ઈત્યાદિ રિદ્ધિઓ ધર્માત્મા–સાધુઓને પ્રગટે છે.(૧૮૨૭)

(ઈતિ અશુચિત્વ ભાવના)

# શિવપુરીનો પથિક




હે શિવપુરીના પથિક ! એટલે કે હે મોક્ષના ઈચ્છુક ! પ્રથમ તું સમ્યગ્દર્શનાદિ ભાવને જાણ. એ ભાવરહિત એકલા દ્રવ્યલિંગથી શું સિદ્ધિ છે ?—કાંઈ સિદ્ધિ નથી. માટે સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવોને જ મોક્ષનું કારણ જાણીને તેની પ્રાપ્તિનો ઉદ્યમ કર. મોક્ષપુરીનો પંથ શ્રી જિનેન્દ્રદેવે પ્રયત્નસાધ્ય કહ્યો છે, માટે પ્રયત્ન વડે તું આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જોડ.

આચાર્ય ભગવાન પ્રેમથી મોક્ષમાર્ગનો ઉત્સાહ જગાડતાં કહે છે કે : હે સત્ સમજવાની જિજ્ઞાસાવાળા સત્પુરુષ ! તું સાંભળ ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધભાવ તે જ મોક્ષનો માર્ગ છે. તેને ભૂલીને તેં અત્યાર સુધી મિથ્યાત્વ આદિ ભાવોનું જ સેવન કર્યું છે. સમ્યક્ત્વ આદિ ભાવોને તેં એક પળ પણ સેવ્યા નથી.... માટે હવે તો તેની ભાવના કર. રત્નત્રય-ભાવના તારી નૌકાને શિવપુરીમાં પહોંચાડી દેશે.

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.

## વૈરાગ્ય વચનામૃત

卐 ગર્ભથી લઈને છેક મરણાંત સુધી આ શરીર નિરર્થક ક્લેશ, અપવિત્રતા, ભય, તિરસ્કાર અને પાપથી ભરપૂર હોય છે-આમ વિચારી સમજવાન પુરુષોએ એવા વિટંબણાપૂર્ણ શરીરનો સ્નેહ સર્વથા ત્યજવા યોગ્ય છે. જો નશ્વર અને કેવળ દુઃખપૂર્ણ શરીર ઉપરનું મમત્વ છોડવાથી આત્મા ખરેખર મુક્તદશાને પ્રાપ્ત થતો હોય તો જગતમાં એવો કોણ મૂર્ખ છે કે જે તેના ત્યાગ ભણી પ્રમાદ કરે ? શરીર એ ખરેખર દુષ્ટ મનુષ્યના મેળાપ જેવું છે.

卐 કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલા સંસારનાં બધાં કાર્યો, પાણીમાં રાખેલ માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ ! ઘણા ખેદની વાત છે કે એ સાંસારિક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે ? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી.

卐 દયારહિત યમરાજ જો મરણસે ડરતા હૈ ઉસકો છોડતા નહીં હૈ. ઈસલિયે બેમતલબ ડર ન કર. અપના ચાહા હુઆ સુખ કભી નહીં પ્રાપ્ત હોતા હૈ ઈસલિયે તૂ ઈસ સુખકી ઈચ્છા ન કર. જો મર ગયા-નષ્ટ હો ગયા ઉસકા શોચ કરને પર લૌટકર નહીં આતા હૈ ઈસલિયે બેમતલબ શોક ન કર. સમજકર કામ કરનેવાલે વિદ્વાન બેમતલબ કામ કિસલિયે કરેંગે ?

卐 મારું આયુષ્ય ઘણું લાંબું છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં ? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતા કરતા આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે.

卐 તાડના વૃક્ષથી તૂટેલું ફળ નીચે પૃથ્વી ઉપર પડવા માંડ્યા પછી વચ્ચે ક્યાં સુધી રહે ? તેમ જન્મ થયા પછીનું જીવન આયુ-સ્થિતિમાં ક્યાં સુધી રહે ? બહુ જ અલ્પકાળ અને તે પણ અનિયત, તેથી હે ભવ્ય ! આ દેહાદિને આમ ક્ષણભંગુર જાણીને વાસ્તવિક અવિનાશી પદનું સાધન બીજા બધાં કાર્યોને જતાં કરીને પણ ત્વરાએ કરી લેવું એ જ સુયોગ્ય છે કારણ જીવન-સમય બહુ સાંકડો છે.

卐 ત્રણલોકના જીવોને નિરંતર મરતાં દેખીને પણ જે જીવ પોતાના આત્માનો અનુભવ નથી કરતા અને પાપોથી વિરક્ત નથી થતાં-એવા જીવોના ધીઠપણાને ધિક્કાર હો.

卐 એકજીવ બીજા કોઈ જીવના વિષયમાં શોક કરતો કહે છે કે અરેરે ! મારા નાથનું મરણ થયું. પરંતુ તે પોતાના માટે શોક કરતો નથી કે હું સ્વયં સંસાર-સમુદ્રમાં ડૂબેલો છું. સંસારમાં જીવ જેવી રીતે બીજાના વિષયમાં વિચાર કરે છે તેવી જ રીતે પોતાના માટે પણ જો વિચાર કરે તો શીઘ્ર પોતાનું હિત થાય. પરંતુ જીવ પોતાના વિષયમાં ઘણું કરીને વિચાર કરતો નથી.

卐 પોતાના કોઈ સંબંધી પુરુષનું મૃત્યુ થતાં જે અજ્ઞાન વશે શોક કરે છે તેની પાસે ગુણની

ગંધ પણ નથી, પરંતુ દોષ તેની પાસે ઘણાં છે એ નક્કી છે. આ શોકથી તેનું દુઃખ અધિક વધે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થ નષ્ટ થાય છે. બુદ્ધિમાં વિપરીતતા આવે છે તથા પાપ (અશાતાવેદનીય) કર્મનો બંધ પણ થાય છે, રોગ ઉત્પન્ન થાય છે અને અંતે મરણ પામીને તે નરકાદિ દુર્ગતિ પામે છે, આ રીતે તેનું સંસાર પરિભ્રમણ લાંબું થઈ જાય છે.

卐 હે દુર્બુદ્ધિ પ્રાણી ! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્યજન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (આત્મહિત) કરી લે, નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે ? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ.

卐 જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય અને એકલો રજરહિત થયો થકો સિદ્ધ થાય છે.

卐 આ મનુષ્યભવ મળ્યો છે તે ભવના અભાવ માટે મળ્યો છે, પૈસા કમાવા માટે આ ભવ મળ્યો નથી, તેથી મૃત્યુ પહેલા આત્મકલ્યાણનું આ કાર્ય કરી લે.

卐 આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે ? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરૂ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે, એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે ? માટે તું મિથ્યાત્વને છોડવા એકવાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના માન-સન્માનને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર.

卐 ક્યાંય રોકાઈશ નહી. વિકલ્પની કાંઈ પણ ખટક રહ્યા કરશે ત્યાં સુધી અંદર નહીં જઈ શકે. હમણાં યુવાની છે માટે રળી લઈએ-એ રહેવા દે બાપુ ! મોત માથે નગારાં વગાડે છે. 'પછી કરીશ. પછી કરીશ' એમ રહેવા દે. અંદરમાં કાંઈ પણ વિકલ્પ રહેશે કે 'આ કરું આ કરું'-એમ વાયદા કરીશ તો અંદર જઈ શકીશ નહીં.

卐 મરણનો સમય આવશે તે કાંઈ પૂછીને નહીં આવે કે લો હવે તમારે મરવાનો કાળ આવ્યો છે. અરે ! સ્વપ્ના જેવો સંસાર છે; કોનું કુટુંબ ને કોનાં મકાન-મિલ્કત ! આ દેહ પણ એકદમ ફૂ થઈને ક્ષણમાં છૂટી જશે. કુટુંબ, કીર્તિ ને મકાન બધું અહીં પડ્યું રહેશે. અંદરથી જ્ઞાયક ભગવાનને છૂટો પાડ્યો હશે તો મરણસમયે તે છૂટો રહેશે. જો દેહથી ભિન્નતા નહીં કરી હોય તો મરણસમયે ભીંસમાં ભિંસાઈ જશે. માટે ટાણાં છે ત્યાં દેહથી ભિન્નતા કરી લેવા જેવી છે.

卐 જીવ એકલો આવ્યો, એકલો રહે છે અને એકલો જાય છે; તે એકલો જ છે, તેને જગત સાથે શો સંબંધ છે ? ભાઈ ! આ શરીરના રજકણ અહીં પડ્યા રહેશે અને આ મકાન-મહેલ પણ બધાં પડ્યાં રહેશે. એમાંની કોઈ ચીજ તારા સ્વરૂપમાં નથી, એ બધી જીવસ્વરૂપથી ભિન્ન છે. પ્રભુ ! તું તેમના મોહપાશમાંથી નીકળી જા. હવે લુંટાવાનું રહેવા દે. તું તારા એકત્વવિભક્ત-પણાને પામી એકલો નિજાનંદને ભોગવ.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન તથા કેવળજ્ઞાન થવામાં કારણ કોણ છે?**

ઉત્તર :—સમ્યગ્દર્શન થવામાં શુદ્ધાત્માની શ્રદ્ધા પ્રતીતિ સિવાય બીજું કોઈ કારણ નથી. નવતત્ત્વનો વિકલ્પ પણ સમ્યગ્દર્શનમાં કારણ નથી. કેવળજ્ઞાન થવામાં શુદ્ધોપયોગ કારણ છે. બીજું કોઈ કારણ નથી. કેવળજ્ઞાન માટે શુદ્ધોપયોગના સિવાય કોઈને (રાગાદિને) સાધન માનવું—એ તો કેવળજ્ઞાનનો અનાદર છે, શુદ્ધોપયોગનો અનાદર છે. ધર્મનો અનાદર છે. મોક્ષનો અનાદર છે તથા મોક્ષના સાધક શુદ્ધોપયોગી સંતોનો પણ અનાદર છે. આવી વિપરીત માન્યતામાં મહાન અપરાધ છે અને તે માન્યતા સંસારનું કારણ છે. અહો! શુદ્ધોપયોગ તો કેવળજ્ઞાનનો રાજમાર્ગ છે અને શુભરાગ તો કેવળજ્ઞાનને રોકવાવાળો છે. લૂંટારો છે. રાગને ધર્મનું સાધન માનનારા તો રાજમાર્ગના અપરાધી છે, તે રાજમાર્ગ નથી, તે તો રાગમાર્ગ છે અર્થાત્ સંસારમાર્ગ છે—એમ જાણવું જોઈએ.

**પ્રશ્ન :—પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ?**

ઉત્તર :—પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ખરેખર તો એ જ્ઞાતાદ્રષ્ટા જ છે. પ્રયત્નપૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે, પણ ખરેખર તો એની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદ્રષ્ટા જ છે. જ્ઞાતાદ્રષ્ટામાં અનંતો પુરુષાર્થ છે.

**પ્રશ્ન :—જીવ અજીવના કાર્યો ભલે ન કરી શકે પણ પોતાના પરિણામ તો ગમે તેમ કરી શકે છે ને?**

ઉત્તર :—જીવ પોતાના પરિણામ પણ ગમે તેમ ન કરી શકે પણ જે પરિણામ ક્રમસર જે થવાના છે તે જ થાય છે, આડા અવળા ગમે તેમ કરી શકે નહિ. જગતમાં બધું વ્યવસ્થિત ક્રમસર થાય છે, ક્યાંય ફેરફાર થઈ શકતો નથી. ઉતાવળો માણસ ફેરફાર કરવાનું માને ભલે પણ ફેરફાર કાંઈ થઈ શકતો નથી. એનો સાર એ છે કે ભાઈ! તું ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ દે.

**પ્રશ્ન :—શું પર્યાયનું કારણ સ્વદ્રવ્ય પણ નથી?**

ઉત્તર :—પરદ્રવ્યથી તો પોતાની પર્યાય થતી નથી પણ પોતાના દ્રવ્યથી પર્યાય

થઈ તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની યોગ્યતાથી સ્વકાળે થાય છે એ નિશ્ચય છે. સમ્યગ્દર્શનની પર્યાયનો ઉત્પાદ થયો માટે મિથ્યાત્વકર્મનો નાશ થયો તેમ તો છે જ નહિ, પણ સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો માટે મિથ્યાત્વભાવનો વ્યય થયો તેમ પણ નથી. સમ્યગ્દર્શન પર્યાયનો ઉત્પાદ સ્વતંત્ર થયો છે. મિથ્યાત્વભાવની પર્યાયનો વ્યય પણ સ્વતંત્ર થયો છે. કેવળજ્ઞાન પર્યાયનો ઉત્પાદ થયો તે કેવળજ્ઞાનાવરણીનો અભાવ થયો માટે તો નહિ, પણ પોતાના દ્રવ્યના કારણે કેવળજ્ઞાન પર્યાયનો ઉત્પાદ થયો તેમ પણ નથી. પર્યાયનો પર્યાયના ષટ્કારકથી સ્વતંત્ર ઉત્પાદ થયો છે. અહીં તો પર્યાયનો દાતા દ્રવ્ય નથી તેમ કહેવું છે. દ્રવ્ય ઉપર લક્ષ ગયું છે તે પર્યાયના સામર્થ્યથી દ્રવ્ય ઉપર જાય છે, દ્રવ્યના કારણથી નહિ. સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે એ પર્યાયનું સામર્થ્ય છે. આ બાર અંગનું દોહન છે. ખરેખર તો પર્યાય પર્યાયના સ્વકાળથી, જન્મક્ષણથી પર્યાય થવાની હોય તે જ થાય છે, દ્રવ્યથી પર્યાય થાય છે તેમ કહેવું એ પણ વ્યવહાર છે. ઉત્પાદ પર્યાયને દ્રવ્ય કારણ નથી અને વ્યય પણ કારણ નથી. તે ઉત્પાદ પર્યાયનો નિશ્ચય છે. સમ્યગ્દર્શન પર્યાય દ્રવ્યના આશ્રયથી થાય છે તેમ કહેવું તે અપેક્ષિત કથન છે. સમ્યગ્દર્શન પર્યાય થાય છે તે તેનો જન્મક્ષણ છે, પણ તે પર્યાયનું લક્ષ દ્રવ્ય ઉપર છે. તેથી દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તેમ કહેવાય છે. ખરેખર તો સમ્યગ્દર્શન પર્યાયને પરથી ભિન્ન પડવાનો—ભેદજ્ઞાન પર્યાય થવાનો સ્વકાળ છે, જન્મક્ષણ છે ત્યારે જ તે પર્યાય થાય છે પણ એ થાય કોને? કે જેનું લક્ષ દ્રવ્યસ્વભાવ ઉપર હોય તેને જ થાય છે. (પર્યાયમાં ઊભા ઊભા પર્યાય સામું જોનારને પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થતું નથી.) જૈનદર્શનનું આ પરમ સત્ય સ્વરૂપ છે. તેનો વિરોધ કરવાથી મહા મોહનીય અંતરાયકર્મ બંધાય છે ને તેની દશા બહુ હીન થઈ જાય છે.

પ્રશ્ન :—દ્રવ્યને સાવ નકામું કરી દીધું, પર્યાયને પણ દ્રવ્ય કરે નહિ?

ઉત્તર :—અરે ભાઈ! આ તો અંતર પેટની મૂળની વાતો છે. આમાં દ્રવ્ય નકામું નથી થઈ જતું, પણ અલૌકિક દ્રવ્ય સિદ્ધ થાય છે.

પ્રશ્ન :—પરમાણુમાં રંગગુણ ત્રિકાળી છે. તેની પર્યાય પહેલા સમયે કાળી હોય તે બદલીને બીજા સમયે લાલ, સફેદ, પીળી થઈ જાય તેનું કારણ કોણ? જો રંગગુણ કારણ હોય તો રંગગુણ તો કાયમ છે છતાં પરિણમનમાં આમ વિચિત્રતા કેમ?

ઉત્તર :—ખરેખર તો તે સમયની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. તેમ દરેક દ્રવ્યની પર્યાય તે તે કાળે સ્વતંત્ર પરિણમે છે. આહાહા! પર્યાયની સ્વતંત્રતાની વાતો બહુ સૂક્ષ્મ છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—હમ તો મુક્તિકે લિયે પુરુષાર્થ કરતે હૈં લેકિન નિયમસારમેં મુનિરાજ કહતે હૈં કિ મુક્તિમેં ઔર સંસારમેં અંતર નહીં હૈ તો વહ કૈસે અંતર નહીં હૈ?

**સમાધાન :**—દ્રવ્યકી અપેક્ષાસે ઐસા કહા હૈ. દ્રવ્ય જૈસા શુદ્ધ મુક્તિમેં હૈ વૈસા હી શુદ્ધ સંસારમેં ભી હૈ. વહ શુદ્ધતાસે ભરા હૈ. જૈસા ભગવાનકા દ્રવ્ય હૈ વૈસા અપના દ્રવ્ય હૈ. મુક્તિકી પર્યાય પ્રગટતી હૈ લેકિન દ્રવ્ય તો વૈસા કા વૈસા હી રહતા હૈ. સબ વિકલ્પ તોડકર ભીતરમેં જાતા હૈ તો મુક્ત દ્રવ્ય દેખનેમેં આતા હૈ. દ્રવ્ય મુક્ત હી હૈ, જબ કિ બંધન ઔર મુક્તિ પર્યાયમેં હોતી હૈ.—ઐસા કહતે હૈં તો પુરુષાર્થ નહીં કરના ઐસા અર્થ નહીં હૈ. દ્રવ્ય તરફ દેખો તો મુક્તસ્વરૂપ હી દેખનેમેં આતા હૈ. ઉસકો બંધન યા વિભાવ હુઆ હી નહીં. યદિ દ્રવ્યમેં વિભાવ હો તો કભી છૂટે હી નહીં, વિભાવ હી સ્વભાવ હો જાય. અર્થાત્ યદિ વિભાવ ભીતરમેં ચલા જાય તો વહ સ્વભાવ હો જાય. લેકિન વિભાવ ભીતરમેં હૈ હી નહીં, ઈસલિયે દ્રવ્ય મુક્ત હી હૈ.

આચાર્યદેવ પર્યાયકો ગૌણ કરકે કહતે હૈં કિ હમ તો દ્રવ્યકો દેખતે હૈં, પર્યાય ઉપર દૃષ્ટિ નહીં દેતે. પર્યાયકો ગૌણ કરકે ઔર દ્રવ્યકો મુખ્ય કરકે સિદ્ધભગવાન જૈસા મુક્તસ્વરૂપ આત્માકો દેખતે હૈં તો ઉસમેં કુછ ભી ભેદ દેખનેમેં આતા હી નહીં. દ્રવ્ય ઐસા મુક્તસ્વરૂપ હૈ તો ભી આચાર્ય પુરુષાર્થ કરતે હૈં. મુનિરાજ છઠ્ઠવેં—સાતવેં ગુણસ્થાનમેં ઝૂલતેં હૈં ઔર કહતે હૈં કિ સંસાર ઔર મુક્તિમેં કુછ ભેદ નહીં. ફિર ભી પુરુષાર્થ કરતે હૈં. કોઈ મુનિરાજ તો શ્રેણી ચઢકર કેવલજ્ઞાન પ્રગટ કરતે હૈં. ઐસે પુરુષાર્થ કરતે હૈં ફિર ભી આચાર્ય કહતે હૈં કિ મુક્તિ ઔર સંસારમેં ભેદ નહીં હૈ, ક્યોંકિ દ્રવ્ય તરફસે દેખો તો આત્મા મુક્તસ્વરૂપ હી દીખનેમેં આતા હૈ.

*પ્રશ્ન :*—જ્ઞાનીને સ્થિરતામાં વૃદ્ધિ પ્રયત્ન વિના થાય છે કે જુદો પુરુષાર્થ કરવો પડે છે?

**સમાધાન :**—સ્થિરતા પોતાની મેળાએ વધે નહીં, પોતે લીનતા કરવાનો પ્રયત્ન અંદર કરે છે તો થાય છે. પોતે કાંઈ કરે જ નહિ ને સ્વયં લીનતા થઈ જાય તેમ થતું નથી.

જ્ઞાયકની દૃષ્ટિ—તેના બળથી લીનતા થાય છે. જ્ઞાનીનો ઉપયોગ વારે વારે બહાર જાય છે, છતાં તે મર્યાદામાં રહીને બહાર જાય છે. સ્વરૂપ તરફ પોતાના ઉપયોગની દોરીને ખેંચી રાખે છે, અને તેથી ઉપયોગને વધારે બહાર જવા દેતો જ નથી. હું જ્ઞાયક છું, આ હું નથી—આ હું નથી એમ વારંવાર જ્ઞાયકના જોરમાં પોતે પુરુષાર્થ કર્યા જ કરે છે. તેને વિકલ્પથી પુરુષાર્થ નથી કરવો પડતો, સહજ કરે છે. તથા તેમાં હઠ પણ કરવી પડતી નથી અર્થાત્ પુરુષાર્થ ન થતો હોય અને વારેવારે હઠથી તેને કરવો પડે એમ નથી. તેને પરાણે-પરાણે કરવું પડે એમ હોતું નથી. પરંતુ પોતે જ્ઞાયકને ઓળખ્યો છે એટલે સહજ તે તરફનો પુરુષાર્થ કરે છે. જે પોતાનો સ્વભાવ હોય તે જેમ સહજ હોય છે, તેમ પુરુષાર્થ પણ સહજ થાય છે.

મુમુક્ષુઃ—'હું જ્ઞાનસ્વરૂપ છું' તેમ ખ્યાલમાં રહ્યા જ કરે?

બહેનશ્રીઃ—'હું જ્ઞાનસ્વરૂપ છું' તેમ પોતાને રહ્યા જ કરે. રાગ તરફ તેની રુચિ નથી. તેથી ત્યાંથી છૂટતો જાય છે અને પોતા તરફ વળતો જાય છે. આ રીતે પુરુષાર્થ સહજ થાય છે, હઠથી કે પરાણે—પરાણે થતો નથી. તેને આત્માની રુચિ છે, માટે રુચિ અને પુરુષાર્થ આનંદથી કરે છે. સહજ થાય છે.

મુમુક્ષુઃ—આપે 'આનંદ' શબ્દ સારો કહ્યો, 'સહજ'નો અર્થ આનંદથી થાય છે.

બહેનશ્રીઃ—પુરુષાર્થ આનંદથી કરે છે, હઠથી નહિ. આ હઠ એટલે ખેદપૂર્વક કરે છે એમ નહિ, પણ રુચિપૂર્વક આનંદથી કરે છે, તેમ અર્થ છે. તેને પુરુષાર્થ કરવામાં રસ આવે છે તેમ જ પોતાનું સ્વરૂપ છે એટલે સહજ તે તરફ પોતે આનંદ અને રુચિથી જાય છે.

મુમુક્ષુઃ—શું રુચિપૂર્વક ને રસપૂર્વક સહજ પુરુષાર્થ છે?

બહેનશ્રીઃ—બહારના દૃષ્ટાંતમાં, જેમ ભગવાનનાં—ગુરુનાં દર્શનનો પોતાને રસ લાગ્યો હોય તો ભગવાનનાં કે ગુરુનાં દર્શન કરવા આનંદથી જાય છે, હઠથી જતો નથી, તેમ જ્ઞાયકનો પ્રેમ લાગ્યો તે આનંદથી તે તરફ જાય છે. હઠથી નહીં, પણ સહજ જાય છે કેમકે અંદર રસ અને રુચિ છે.

જેમ પાણી પાણીને ખેંચતું પાણી તરફ જાય છે તેમ જ્ઞાયક જ્ઞાયકને ખેંચતો જ્ઞાયક તરફ જાય છે અને તે તેનું સહજ છે. જ્ઞાયક જ્ઞાયકની દોરી પોતા તરફ ખેંચે છે. ત્યાં હઠ કે ખેદ નથી, આનંદ છે. પોતાનો સ્વભાવ પોતાને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય, તેથી તે સહજ છે. અંદર જવાનું ગમે છે, બહાર જવું ગમતું જ નથી, તથા અંદર જાય તો પોતાને સંતોષ અને શાંતિ થાય છે. માટે તે કાર્ય હોંશથી કરે છે, તે બોજારૂપ લાગતું નથી.

## બાળ વિભાગ

## પ્રભાવના—અંગમાં પ્રસિદ્ધ વજ્રકુમારમુનિની કથા

અહિક્ષત્રપુરમાં સોમદત્તમંત્રી હતા. તેની સગર્ભા સ્ત્રીને કેરી ખાવાની ઈચ્છા થઈ. હજી કેરી પાકવાની ઋતુ ન હતી, છતાં મંત્રીએ વનમાં જઈને તપાસ કરી તો આખા વનમાં એક ઝાડ ઉપર સુંદર કેરી ઝૂલતી હતી. તેને આશ્ચર્ય થયું! તે ઝાડ નીચે એક જૈનમુનિ બેઠા હતા, તેમના પ્રભાવથી તે ઝાડમાં કેરી પાકી ગઈ હતી. મંત્રીએ ભક્તિપૂર્વક નમસ્કાર કરીને મુનિરાજ પાસેથી ધર્મનું સ્વરૂપ સાંભળ્યું અને અત્યંત વૈરાગ્યવશ તે જ વખતે દીક્ષા લઈને મુનિ થયા ને પર્વતમાં જઈને આત્મધ્યાન કરવા લાગ્યા.

તે સોમદત્તમંત્રીની સ્ત્રી યજ્ઞદત્તાએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રને લઈને મુનિરાજ પાસે ગઈ પણ સંસારથી વિરક્ત મુનિએ તેની સામે જોયું નહીં. તેથી ક્રોધપૂર્વક તે સ્ત્રી બોલી કે જો સાધુ થવું હતું તો મને શા માટે પરણ્યા? મારી જિંદગી કેમ બગાડી? હવે આ પુત્રનું પાલનપોષણ કોણ કરશે? એમ કહીને તેમના પગ પાસે જ બાળકને મૂકીને તે તો ચાલી ગઈ. એ બાળકનું નામ વજ્રકુમાર. તેના હાથમાં વજ્રચિહ્ન હતું.



અરે! વન-જંગલમાં બાળકની રક્ષા કોણ કરશે?

બરાબર તે જ વખતે દિવાકર નામનો વિદ્યાધર રાજા તીર્થયાત્રા કરવા નીકળેલો, તે મુનિને વંદન કરવા આવ્યો અને અત્યંત તેજસ્વી એવા તે વજ્રકુમારને દેખીને તેડી લીધો. આવા પુત્રરત્નની પ્રાપ્તિ થવાથી રાણીને પણ ખુશી થઈ. તેઓ તેને પોતાની સાથે જ લઈ ગયા અને પુત્રની જેમ પાલન કરવા લાગ્યા. ભાગ્યવાન જીવોને કોઈને કોઈ યોગ મળી જાય છે.

વજ્રકુમાર યુવાન થતાં પવનવેગા નામની વિદ્યાધરી સાથે લગ્ન કર્યા ને તેણે અનેક રાજાઓને જીતી લીધા.

થોડા વખતે દિવાકર રાજાની સ્ત્રીને એક પુત્ર થયો. પોતાના આ પુત્રને જ રાજ્ય મળે એવી ઈચ્છાથી તે સ્ત્રીને વજ્રકુમાર પ્રત્યે દ્વેષ થવા લાગ્યો. એકવાર તે એમ બોલી ગઈ કે અરે! આ કોનો પુત્ર છે? કે અહીં આવીને હેરાન કરે છે?

એ સાંભળતાં જ વજ્રકુમારનું મન ઉદાસ થઈ ગયું. તેને ખાતરી થઈ કે મારા સાચા

માતા-પિતા તો બીજા છે. વિદ્યાધર પાસેથી તેણે બધી હકીકત જાણી લીધી. તેને ખબર પડી કે મારા પિતા તો દીક્ષા લઈને મુનિ થયા છે. તરત જ વિમાનમાં બેસીને તે મુનિરાજ પાસે ગયો.

ધ્યાનમાં બિરાજમાન સોમદત્ત મુનિરાજને દેખીને તે ઘણો પ્રસન્ન થયો, તેનું ચિત્ત શાંત થયું, વિચિત્ર સંસાર પ્રત્યે તેને વૈરાગ્ય જાગ્યો અને જાણે કે પિતા પાસેથી ધર્મનો વારસો માંગતો હોય! તેમ પરમ ભક્તિથી વંદન કરીને કહ્યું : 'હે પૂજ્ય દેવ! મને પણ સાધુદીક્ષા આપો! આ સંસારમાં આત્મા સિવાય બીજે ક્યાંય મને ચેન પડતું નથી.'

દિવાકરદેવે દીક્ષા ન લેવા ઘણું સમજાવ્યો પણ તે વજ્રકુમારે તો દીક્ષા જ લીધી. સાધુ થઈને આત્માનું જ્ઞાન-ધ્યાન કરવા લાગ્યા ને દેશોદેશ વિચરીને ધર્મપ્રભાવના કરવા લાગ્યા. એકવાર તેમના પ્રતાપે મથુરાનગરીમાં ધર્મપ્રભાવનાનો મોટો પ્રસંગ બન્યો. શું બન્યું તે જોવા આપણી કથાને મથુરા નગરીમાં લઈ જઈએ.

મથુરાનગરીમાં એક ગરીબ અનાથ બાળકી એઠુંજુઠું ખાઈને પેટ ભરતી હતી. તેને દેખીને એક અવધિજ્ઞાની મુનિ બોલ્યા કે દેખો કર્મની વિચિત્રતા! આ જ છોકરી થોડા વખતમાં રાજાની પટરાણી થશે.


મુનિની એ વાત સાંભળીને બૌદ્ધભિક્ષુક તેને પોતાના મઠમાં લઈ ગયા ને તેનું લાલનપાલન કરવા લાગ્યા. તેનું નામ બુદ્ધદાસી પાડ્યું ને તેને બૌદ્ધધર્મના સંસ્કાર આપ્યા.

હવે, તે જ્યારે યુવાન થઈ ત્યારે તેનું અત્યંત સુંદર રૂપ દેખીને રાજા મોહિત થઈ ગયો અને તેની સાથે લગ્નની માંગણી કરી. પણ, આ રાજાને ઉર્વિલા નામની એક રાણી હતી ને તે જૈનધર્મ પાળતી હતી. તેથી, મઠના લોકોએ કહ્યું કે રાજા પોતે બૌદ્ધધર્મ સ્વીકારે અને બૌદ્ધદાસીને પટરાણી બનાવે તે શરતે લગ્ન કરીએ. કામાંધ રાજાએ તો વગર વિચાર્યે એ વાત સ્વીકારી લીધી. રે ધિક્કાર વિષયોને! વિષયાંધ જીવો સાચા ધર્મથી પણ ભ્રષ્ટ થઈ જાય છે.

હવે, બુદ્ધદાસી રાજાની પટરાણી થઈ, તેથી તે બૌદ્ધધર્મનો ખૂબ પ્રચાર કરવા લાગી. એક વાર ઉર્વિલારાણી કે જે જૈનધર્મની પરમ ભક્ત હતી, તેણે દર વર્ષની માફક અષ્ટાહ્નિકામાં જિનેન્દ્ર ભગવાનની મોટી અદ્‌ભુત રથયાત્રા કાઢવાની તૈયારી કરી. પણ બુદ્ધદાસીથી તે સહન ન થયું. તેણે રાજાને કહીને તે રથયાત્રા અટકાવી અને બૌદ્ધની રથયાત્રા પહેલાં કાઢવાનું કહ્યું. અરેરે! જૈનધર્મના પરમ મહિમાની એને ક્યાંથી ખબર હોય! ગાયનું દૂધ અને આકડાનું દૂધ—તેના તફાવતને બેભાન માણસ ક્યાંથી જાણે?

ભગવાનની રથયાત્રામાં વિઘ્ન થવાથી ઉર્વિલારાણીને બહુ દુઃખ થયું અને રથયાત્રા ન નીકળે ત્યાં સુધી અનશનવ્રત ધારણ કરીને તે વનમાં સોમદત્તમુનિ તથા વજ્રકુમારમુનિના શરણમાં પહોંચી ગઈ અને પ્રાર્થના કરી કે હે પ્રભો! જૈનધર્મ ઉપરનું સંકટ આપ દૂર કરો.

રાણીની વાત સાંભળીને વજ્રમુનિરાજના અંતરમાં ધર્મપ્રભાવનાનો ભાવ ઉલ્લસી આવ્યો. બરાબર એ જ વખતે દિવાકર રાજા વગેરે વિદ્યાધરો ત્યાં મુનિવંદન કરવા આવ્યા. વજ્રકુમાર મુનિએ તેમને કહ્યું : 'રાજન્! તમે જૈનધર્મના પરમ ભક્ત છો ને ધર્મ ઉપર મથુરાનગરીમાં સંકટ આવ્યું છે તે દૂર કરવા તમે સમર્થ છો. ધર્માત્માઓને ધર્મની પ્રભાવનાનો ઉત્સાહ હોય છે. તનથી, મનથી, ધનથી, શાસ્ત્રથી, જ્ઞાનથી, વિદ્યાથી સર્વપ્રકારે તે જૈનધર્મની વૃદ્ધિ કરે છે ને ધર્માત્માઓ ઉપરનાં સંકટ દૂર કરે છે.'



દિવાકર રાજાને ધર્મનો પ્રેમ તો હતો જ, તેમાં વળી મુનિરાજના ઉપદેશથી તેને પ્રેરણા મળી; તરત જ મુનિરાજને નમસ્કાર કરીને ઉર્વિલારાણી સાથે બધા વિદ્યાધરો મથુરા આવી પહોંચ્યા અને ધામધૂમથી જિનેન્દ્રદેવની રથયાત્રા કાઢી. હજારો વિદ્યાધરોનો પ્રભાવ દેખીને રાજા અને બુદ્ધદાસી પણ આશ્ચર્ય પામી ગયા અને જૈનધર્મથી પ્રભાવિત થઈને આનંદપૂર્વક તેમણે જૈનધર્મ અંગીકાર કરીને પોતાનું કલ્યાણ કર્યું તથા સત્યધર્મ પમાડવા માટે ઉર્વિલારાણીનો ઉપકાર માન્યો. ઉર્વિલારાણીએ તેમને જૈનધર્મના વીતરાગી દેવ-ગુરુનો અપાર મહિમા સમજાવ્યો. મથુરાનગરીના હજારો જીવો પણ આવી મહાન પ્રભાવના દેખીને આનંદિત થયા ને બહુમાનપૂર્વક જૈનધર્મની ઉપાસના કરવા લાગ્યા. આ રીતે, વજ્રકુમારમુનિ દ્વારા અને ઉર્વિલારાણી દ્વારા જૈનધર્મની મહાન પ્રભાવના થઈ.

(વજ્રકુમારમુનિરાજની આ કથા આપણને જૈનધર્મની સેવા કરવાનું અને અત્યંત મહિમાપૂર્વક તેની પ્રભાવના કરવાનું શીખડાવે છે. તન-મન-ધનથી, જ્ઞાનથી શ્રદ્ધાથી સર્વપ્રકારે ધર્મ ઉપરનું સંકટ દૂર કરી, ધર્મનો મહિમા પ્રસિદ્ધ કરવો અને ધર્મની વૃદ્ધિ કરવી. તેમાં પણ આ જમાનામાં ખાસ કરીને જ્ઞાનસાહિત્ય દ્વારા ધર્મપ્રભાવના કરવા યોગ્ય છે.) આમ આ પ્રભાવનાઅંગની કથા પૂરી થઈ.

## વૈરાગ્ય સમાચાર :–

✻ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના સેક્રેટરી, વાંકાનેર દિગંબર જૈન સંઘના પ્રમુખ તથા શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી જિતુભાઈ વ્રજલાલ શાહની સુપુત્રી વિભૂતિબેન (ઉ.વ. ૪૮)નું તા. ૨૦-૨-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી સ્વ. કિશોરચંદ્ર મથુરાદાસ દોશીના ધર્મપત્ની પુષ્પાબેન દોશી (ઉ.વ. ૮૭)નું તા. ૯-૩-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ જસદણ નિવાસી (હાલ અમદાવાદ) હિંમતલાલ મોહનલાલ ટોલિયાના સુપુત્રી નયનાબેન સુરેશભાઈ દેસાઈનું તા. ૧૩-૩-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ પાર્લા–મુંબઈ નિવાસી બાબુલાલ ચીમનલાલ મોદીના ધર્મપત્ની વસુમતીબેન મોદીનું તા. ૨૦-૩-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ હૈદ્રાબાદ મંડળના પ્રમુખ શ્રી રાજેશભાઈ ચીમનલાલ શાહના સુપુત્રી ધ્વનિબેન (ઉ.વ. ૩૪)નું તા. ૨૨-૩-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ પોરબંદર નિવાસી (હાલ ઘાટકોપર) શ્રી પ્રવીણચંદ્ર મનસુખલાલ કોઠારી (ઉ.વ. ૭૭) તા. ૨૮-૩-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ ચેન્નાઈ નિવાસી (હાલ સોનગઢ) બ્ર. સુમિત્રાબેન (ઉ.વ. ૮૫) તા. ૩૦-૩-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓએ પરમાગમમંદિરની પ્રતિષ્ઠા વખતે બ્રહ્મચારી વ્રત લીધું હતું.

✻ અમદાવાદ નિવાસી મંજુલાબેન ભાનુભાઈ શાહ (ઉ.વ. ૮૩) તા. ૩૦-૩-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી અરવિંદભાઈ સુંદરજીભાઈ વારીઆ (ઉ.વ. ૮૧)નું તા. ૩૧-૩-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ મોરબી નિવાસી (હાલ હૈદ્રાબાદ) હૈદ્રાબાદ મુમુક્ષુમંડળના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ ફૂલચંદભાઈ દોશી (ઉ.વ. ૭૬) તા. ૧-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ વડોદરા નિવાસી મનુભાઈ કામદારના ધર્મપત્નિ નવમાલિકાબેન કામદાર (ઉ.વ. ૮૮) તા. ૫-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી જિતેન્દ્રકુમાર મથુરાદાસ દોશી તા. ૮-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ જામનગર નિવાસી મુકેશભાઈ કનકરાય પુનાતર (ઉ.વ. ૬૮) તા. ૧૧-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ ઘાટકોપર-મુંબઈ નિવાસી ચંદ્રકાંત પદમશી શાહ (ઉ.વ. ૬૮) તા. ૧૧-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ વીંછિયા નિવાસી રમણિકલાલ જગજીવનદાસ વોરાના સુપુત્ર સંજયભાઈ (ઉ. વ. ૫૫) તા.૧૩-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ કાનાતળાવ નિવાસી (હાલ સુરત) શ્રી હર્ષદભાઈ દેવજીભાઈ રૂપારેલિયા (ઉ.વ. ૬૫) તા. ૧૫-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

✻ સોનગઢ નિવાસી શ્રી મનુભાઈ મગનલાલ મહેતા (ઉ.વ. ૭૬) તા. ૧૫-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ કાયમ સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજીનો લાભ લેતા હતાં. તથા ભોજનાલયમાં ખૂબ સક્રિય કામ કરતાં હતાં.

* કાનપુર નિવાસી શ્રી જૈન બહાદુર જૈનનાં ધર્મપત્નિ શ્રીમતી સ્નેહલતા જૈન (ઉ.વ. ૭૭)નું તા. ૧૫-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી (હાલ મુંબઈ) સ્વ. બાબુભાઈ ત્રિભોવનદાસ ઝવેરીના સુપુત્ર મુકેશભાઈ બાબુભાઈ ઝવેરી (ઉ.વ. ૬૩) તા. ૧૬-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* જલગાંવ નિવાસી સ્વ. આનંદીલાલ કેશવલાલ શાહના સુપુત્ર દિલીપભાઈ આનંદીલાલ શાહ (ઉ.વ. ૬૯)નું તા. ૧૭-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ મોટા મંદિરના ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ મોહનલાલ મહેતા (ઉ.વ. ૮૪) તા. ૧૯-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* ભાવનગર નિવાસી (હાલ અમદાવાદ) જયેન્દ્રકુમાર કાંતિલાલ શાહ (ઉ.વ. ૮૬) તા. ૧૯-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* મોરબી નિવાસી બી.એ. બ્રધર્સવાળા ઉષાબેન નીતિનભાઈ ઘડિયાળી (ઉ.વ. ૬૩) તા. ૧૯-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* વસઈ મુંબઈ નિવાસી સૂર્યકાંતભાઈ સી. શાહનું તા. ૧૯-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મોરબી નિવાસી બી.એ. બ્રધર્સવાળા રુચિત નીતિનભાઈ ઘડીયાળી (ઉ.વ. ૪૩) તા. ૧૯-૦૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી (હાલ મુંબઈ) શ્રી વિરલભાઈ મુગટલાલ શેઠ (ઉ.વ. ૪૩) તા. ૧૯-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વસઈ મુંબઈ નિવાસી સમીરભાઈ સૂર્યકાંતભાઈ શાહનું તા. ૨૦-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* લાઠી નિવાસી (હાલ-પાર્લા) શ્રી પ્રતાપભાઈ નાગરદાસ ભાયાણી (ઉ.વ. ૮૯) તા. ૨૧-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* વીંછીયા નિવાસી સ્વ. પ્રેમચંદ લક્ષ્મીચંદ શાહના સુપુત્ર ચીમનલાલ પ્રેમચંદ શાહ (ઉ.વ. ૯૪) તા. ૨૧-૦૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* બોટાદ નિવાસી (હાલ સુરેન્દ્રનગર) ભોગીલાલ હરગોવિંદદાસ ગોપાણી (ઉ.વ. ૯૮) તા. ૨૨-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* વીંછિયા નિવાસી મનસુખલાલ માણેકચંદ ધોળકિયાના ધર્મપત્ની ગજરાબેન (ઉ.વ.૯૪) તા. ૨૩-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* સુરેન્દ્રનગર નિવાસી સૂર્યકીર્તિ તીર્થધામ (કમલમંદિર)ના પ્રમુખ શ્રી મુકુંદભાઈ ચુનીલાલ શાહ (ઉ.વ. ૮૩) તા. ૨૩-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* પાલેજ નિવાસી (હાલ વડોદરા) શ્રી હસમુખભાઈ કુંવરજી શાહ તા. ૨૩-૪-૨૦૨૧ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત પંડિત શ્રી ચેતનભાઈ મહેતા (ઉ.વ. ૬૧)નું તા. ૨૪-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે. તેઓ શાંત સ્વભાવી, નમ્રતા તેમજ નિરાભિમાની, સરળ પ્રકૃતિનાં હતાં. તેઓ રાજકોટ દિગંબર જિનમંદિરના ટ્રસ્ટી હતા.
* પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત આગ્રા નિવાસી પદમચંદજી સરાફનું તા. ૨૪-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.

* લાઠી નિવાસી (હાલ સુરત) શ્રી હરીશભાઈ પ્રેમચંદ શાહ (ઉ.વ. ૬૧) તા. ૨૫-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* મલાડ-મુંબઈ નિવાસી ભુપેન્દ્રભાઈ લાલચંદ શેઠ (ઉ.વ. ૭૫) તા. ૨૫-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* વઢવાણ નિવાસી શ્રી ચંપકલાલ હિંમતલાલ શાહ (ઉ.વ. ૭૭)નું તા. ૨૫-૪-૨૦૨૧ના દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી (હાલ ભાવનગર) એડવોકેટ શ્રી અતુલભાઈ પ્રભુદાસ કામદારના ધર્મપત્નિ રીનાબેન અતુલભાઈ (બ્ર. વીણાબેનના ભાભી) (ઉ.વ. ૪૮) તા. ૨૭-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વીંછિયા નિવાસી (હાલ રાજકોટ) સ્વ. શશીકાંતભાઈ પ્રેમચંદ શાહના ધર્મપત્નિ સુશીલાબેન (ઉ.વ. ૯૦) તા. ૨૭-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ખાડિયા—અમદાવાદના શ્રી હરિલાલ શિવલાલ દોશીના ધર્મપત્નિ સવિતાબેન દોશી (ઉ.વ. ૯૭)નું તા. ૨૭-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મોરબી નિવાસી શ્રી વસંતભાઈ દુર્લભજી શાહ (ઉ.વ. ૮૮) તા. ૨૮-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વાંકાનેર નિવાસી (હાલ-મુંબઈ) ચંપકભાઈ સંઘવીના ધર્મપત્ની શ્રીમતી ઇન્દુબેન ચંપકલાલ સંઘવી (ઉ.વ. ૯૨) તા. ૨૮-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાણપુર નિવાસી (હાલ રાજકોટ) વિપુલભાઈ પ્રવીણચંદ્ર શાહ તા. ૩૦-૪-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ઘાટકોપર—મુંબઈ નિવાસી સ્વ. નવીનચંદ્ર અજમેરાના ધર્મપત્નિ લતાબેન નવીનચંદ્ર અજમેરા (ઉ.વ. ૮૩) તા. ૧-૫-૨૦૨૧ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ગઢડા નિવાસી (હાલ ઇન્દૌર) લીનાબેન ચીમનભાઈ કામદાર (તેઓ સ્વ. રમાબેન ભીખાલાલ કામદારના પુત્રવધૂ) (ઉ.વ. ૬૯) તા. ૩-૫-૨૦૨૧ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી વડીલ શ્રી ઉમેદભાઈ બેચરદાસ મોદી (ઉ.વ. ૯૨) તા. ૪-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ લગ્ન કરીને તુરન્ત ૭૧ વર્ષથી સોનગઢ સ્થાયી થયેલ હતાં. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં અનન્ય ભક્ત હતાં અને તેમણે આજીવન ધર્મસાધના કરી હતી. તેઓ ખૂબ જ સરળ સ્વભાવી અને સંતોષી હતા.
* અમદાવાદ (ખાડિયા અને પાલડી) નિવાસી શ્રીમતી અરૂણાબેન પી. મહેતાનું તા. ૫-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમણે ઘણો સમય સોનગઢ રહીને ધર્મધ્યાનમાં વ્યતીત કર્યો હતો.
* સોનગઢ નિવાસી (હાલ જલગાંવ) બ્ર. સુરેખાબેન કેશવલાલ શાહ (-તેઓ બ્ર. સ્વ. પદ્માબેન, બ્ર. સ્વ. હંસાબેનના બેન) (ઉ.વ. ૭૭) તા. ૫-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેમણે વર્ષો સુધી ગોગીદેવી આશ્રમમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી-બેનના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.
* સુરેન્દ્રનગર નિવાસી શ્રી બ્રિજેશભાઈ કિરીટભાઈ દોશી (ઉ.વ. ૪૧) તા. ૭-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* વીંછિયા નિવાસી (હાલ કાંદીવલી) શ્રી રોહિતભાઈ રતિલાલ ડગલી (ઉ.વ. ૭૨) તા. ૧૧-૫-૨૦૨૧ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## (૯૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો.)

(૧) વાસુદેવ અને પ્રતિવાસુદેવ મરીને નિયમથી .................. માં જાય છે.

(૨) અમૃતચંદ્રાચાર્યદેવે રચિત પંચાસ્તિકાય ટીકાને .......................... કહે છે.

(૩) ....................... લગ્ન પછી બીજા જ દિવસે દીક્ષા ધારણ કરી હતી.

(૪) સાધર્મીના દોષ ઢાંકવા તે .................... અંગ છે.

(૫) તીર્થંકર ભગવંતોને ....................... સંહનન હોય છે.

(૬) શબ્દ એ પુદ્ગલ પરમાણુની ..................... પર્યાય છે.

(૭) નિયમસારમાં તો નિર્મળ પર્યાયને પણ ......................... કહી છે.

(૮) શ્રુતજ્ઞાન વસ્તુને ................. બતાવે છે.

(૯) અનેક પ્રકારની પર્યાયનું લક્ષ છોડીને કેવળ એક આત્માનો અનુભવ કરવાથી ......... ............................. સ્વાદ આવે છે.

(૧૦) ...................... નો નાશ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

(૧૧) ..................... આચાર્યદેવ અધ્યાત્મમાં શિરોમણિ હતા.

(૧૨) નિશ્ચયને પ્રધાન કરીને વ્યવહારને ......................... કહ્યો છે.

(૧૩) વિશ્વના પદાર્થોમાં પરિવર્તન ....................... ગુણના કારણે થાય છે.

(૧૪) ભૂતાર્થનયથી નવ તત્ત્વોમાં એક જ ...................... પ્રકાશમાન છે.

(૧૫) વ્યવહારનય સર્વથા ..................... કરવા યોગ્ય નથી.

(૧૬) ત્રિકાળી ધ્રુવના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે ................... છે.

(૧૭) નયના સઘળા વિકલ્પો છોડીને જીવે ................... થવું જોઈએ.

(૧૮) રાગને ઉપાદેય માને તે આત્માને ...................... માને છે.

(૧૯) શ્રી કુંદકુંદાચાર્યદેવને ........................... ચારિત્ર હતું.

(૨૦) આત્મા પોતાનાં ..................... કર્તા છે.

## (૯૪) બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) મહાવીર ભગવાનનું પ્રથમ નામ .................. હતું. (સન્મતિ, વીર, વર્દ્ધમાન)

(૨) છ દ્રવ્યોમાં અનાદિ અનંત કાયમને માટે શુદ્ધ દ્રવ્યો ........... છે. (ચાર, છ, બે)

(૩) ધારણા એ ................. જ્ઞાનનો પ્રકાર છે. (મતિ, શ્રુત, અવધિ)

(૪) પંચ પરમેષ્ઠીના ગુણોમાં અનુરાગ સહિતના ઉપયોગને ............... કહે છે. (શુદ્ધ, શુભ, અશુભ)

(૫) જ્ઞાનાવરણીયાદિ કર્મોને .................... કહે છે. (દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ)

(૬) ................. ની ભક્તિના પ્રભાવથી તેની નેત્રજ્યોતિ પરત આવેલ. (ઉમાસ્વામી, પૂજ્યપાદસ્વામી, અકલંકદેવ)

(૭) આહારદાનમાં .............. કથા પ્રસિદ્ધ છે. (સત્યઘોષ, શ્રીવારિષેણ, શ્રીષેણ રાજા)

(૮) ઉપશમ સમ્યક્ત્વના ..................... ભેદ છે. (ત્રણ, ચાર, બે)

(૯) દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેયના ક્ષેત્ર .................. છે. (એક, ત્રણ, અલગ)

(૧૦) આયુકર્મનો ઉદય .................. ગુણસ્થાન સુધી હોય છે. (૧થી ૧૩, ૧ થી ૧૪, ૧ થી ૧૨)

(૧૧) દેશવિરત એ ..................... ગુણસ્થાન છે. (ત્રીજું, પાંચમું, આઠમું)

(૧૨) ............... ના વ્રતતપને બાળવ્રત અને બાળતપ કહે છે. (શ્રાવક, મુનિ, અજ્ઞાની)

(૧૩) ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ............ ક્રોડાક્રોડી સાગરની છે. (૨૦, ૩૩, ૭૦)

(૧૪) સોલહકારણ ભાવનામાં રત્નત્રયના ધારક પુરુષો પ્રત્યે ભક્તિભાવ તેને ..................... કહે છે. (સાધુ સમાધિ, બહુશ્રુત ભક્તિ, વિનય સંપન્નતા)

(૧૫) બાર પ્રકારના તપમાં બીજા પ્રકારનું તપ ................ છે. (અવમૌદર્ય, અનશન, રસ પરિત્યાગ)

(૧૬) પાંચ પરમેષ્ઠીમાં ................ પરમેષ્ઠી મન સહિત છે. (ત્રણ, ચાર, પાંચ)

(૧૭) પાંચ સમિતિમાં પ્રથમ સમિતિનું નામ .................. સમિતિ છે. (ભાષા, ઈર્યા, પ્રતિષ્ઠાપન)

(૧૮) અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સૌપ્રથમ .................... સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. (ક્ષાયોપશમિક, ઔપશમિક, ક્ષાયિક)

(૧૯) વેદનીય કર્મનો બંધ .................... ગુણસ્થાન સુધી હોય છે. (૧ થી ૧૩, ૧ થી ૧૨, ૧ થી ૧૪)

(૨૦) ચૌદમા કુલકર ......... સમ્યક્ત્વના ધારક હોય છે. (ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયિક)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૫૦ થી ૬-૦૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન મે— ૨૦૨૧ના ઉત્તર

(૧) શ્રદ્ધાન
(૨) મોક્ષેચ્છુએ
(૩) પરમાવગાઢ
(૪) ૨૮ — ૮૦ — ૬૬૯૭૫
(૫) ૧૫ ક્રોડાક્રોડી સાગર
(૬) કુમુદચંદ્ર — પાર્શ્વનાથ
(૭) પાલેજ
(૮) કર્મભૂમિમાં
(૯) ઉમરાળા — ૯ — રવિ
(૧૦) અનસુયાનું — ધ્રુવનું
(૧૧) સાતમા—અગિયારમા
(૧૨) જિનસેનાચાર્ય
(૧૩) વેદક સમ્યક્ત્વ
(૧૪) લોકપ્રમાણ
(૧૫) ૬ લાખ પૂર્વ
(૧૬) ઘાતિ
(૧૭) અઘાતિ
(૧૮) (૧) આહાર (૨) શરીર (૩) ઇન્દ્રિય (૪) શ્વાસોચ્છ્‌વાસ (૫) ભાષા (૬) મન
(૧૯) ૫
(૨૦) ૨૩મો

## બાળકો માટેના આપેલ પ્રશ્ન મે — ૨૦૨૧ના ઉત્તર

(૧) મોક્ષ
(૨) કાળ
(૩) સંજ્ઞી
(૪) ૬ દિવસ
(૫) અગુરુલઘુત્વ
(૬) ત્રણ
(૭) ચારિત્ર
(૮) નય
(૯) સમયસાર
(૧૦) ૩૩
(૧૧) વ્યુત્સર્ગ
(૧૨) ક્ષાયિક
(૧૩) જંબૂસ્વામી
(૧૪) ૬
(૧૫) ૬
(૧૬) શ્રી કુંદકુંદ
(૧૭) વાદિરાજ
(૧૮) સલ્લેખના
(૧૯) ધર્મધ્યાન
(૨૦) અયોધ્યા

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પાંચેક ગાઉ ચાલે તો થાક ખાવા વિસામો લે ને ! આ તો અનંતા અનંતા ભવ કર્યા છતાં થાક લાગ્યો નથી ! સર્વજ્ઞદેવ કહે છે કે તું સ્વભાવમાં વિસામો લે. તારો થાક ઉતરી જશે. શુદ્ધ ચૈતન્ય ભગવાનના આશ્રયે શુદ્ધ પરિણતિ કરવી એ અપૂર્વ છે. એ સમ્યક્ પરિણતિ કરે તો શાશ્વત સુખને પામે, અનંતા અનંતા ગુણની પૂરણ પર્યાયો પ્રગટતાને પામે. માટે બહારની હરખના—હોશુંના સબડકા છોડી દે. એ ભ્રાંતિ છોડી દે ને જિનવરદેવે ઉપદેશેલી શુદ્ધ સમ્યક્ પરિણતિ કર તો તું જરૂર શાશ્વત સુખને પામીશ. ૪૫૯.

● ભગવાનની વાણી એ શ્રુત છે—શાસ્ત્ર છે. શાસ્ત્ર પૌદ્ગલિક છે તેથી તે જ્ઞાન નથી, ઉપાધિ છે અને એ શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે, કેમકે તે શ્રુતના લક્ષણવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન સ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સત્ શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ છે—ઉપાધિ છે, તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે—ઉપાધિ છે. આહાહા ! શું વીતરાગની શૈલી છે ! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે, ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી. ૪૬૦.

● પ્રશ્ન : વિકલ્પો અમારો પીછો નથી છોડતા ?

ઉત્તર : વિકલ્પ તને વળગ્યા નથી. તું વિકલ્પને વળગ્યો છો. તું પરમાનંદ સ્વરૂપથી ભરેલો ભગવાન છો તેને જોતો નથી. તેથી વિકલ્પો તને વળગ્યા લાગે છે. તું તારા ભગવાનને ભ્રમથી ભૂલીને વિકલ્પને વળગ્યો છો, તું ખસી જા ને ! તું વિકલ્પનું લક્ષ છોડી તારા ભગવાનનું લક્ષ કર તો વિકલ્પો તને વળગેલા લાગશે નહીં. વિકલ્પમાં ક્યાંય સુખ શાંતિ નથી. જ્યાં સુખ શાંતિ ભરી છે ત્યાં જા ! સુખ શાંતિનો ભંડાર એવા ભગવાનને વળગ. તારી અંદરમાં પૂર્ણ સુખ શાંતિ ભર્યા છે. વિકલ્પ તો બહાર છે. તેમાં ક્યાંય સુખ શાંતિ નથી. તારી અંદર વિકલ્પ વિનાની ચીજ છે. તેમાં સુખ શાંતિ ભર્યા છે તેનું લક્ષ ને પ્રતીતિ કરીને વિકલ્પથી પ્રથમ ભેદજ્ઞાન કર. સ્થિરતા અનુસાર ક્રમે સર્વ વિકલ્પો છૂટશે. ૪૬૧.


● પ્રશ્ન :—શુભરાગને જ્ઞાની હેય માને છે તો ષોડશકારણભાવનાને તો ભાવે છે ?

ઉત્તર :—જ્ઞાની ષોડશકારણભાવના ભાવતા નથી પણ તે પ્રકારનો રાગ આવી જાય છે. જ્ઞાનીને ભાવના તો સ્વરૂપમાં ઠરવાની જ હોય છે. પણ સ્વરૂપમાં ઠરી શકે નહિ ત્યારે હેયબુદ્ધિએ શુભરાગ આવી જાય છે. જ્ઞાની તેના જાણકાર છે કર્તા નથી. ૪૬૪.

આત્મધર્મ
જૂન-૨૦૨૧
અંક-૧૦ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-6-2021
Posted on 1-6-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org